गुजराती कन्या वाचन माळा
पुस्तक पहेलाना अर्थ

દરેક શબ્દની સમજૂતી નવીન શિક્ષણાનુસાર અને
આવશ્યક વ્યાકરણ આપવામાં દરેક પાઠની
ટુંક નોંધ સહીત.

પ્રસિદ્ધ કરનાર

બાળકૃષ્ણ લક્ષ્મણ પાઠક.

મળવાનું ઠેકાણું



आवृत्ति पहेली. — किमत ६ आना.

[illegible] પ્રેસ

કન્યા વાચન માળા.
પુસ્તક પહેલાના અર્થ.

ટૂંક વાક્યોની સમજુતી તેમજ શિક્ષણસાર અને
બોધરૂપ સરળ ભાષામાં દરેક પાઠની
ટૂંક નોંધ સહીત

બનાવનાર

છોટાલાલ માધવભાઈ પટેલ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બાલકૃષ્ણ લક્ષ્મણ પાઠક.

બુકસેલર અને પબ્લિશર.

મોતીબાજાર—મુંબઈ.

નેટિવ ઓપિનિઅન પ્રેસમાં છાપ્યું.

સને ૧૯૧૫. સંવત ૧૯૭૧.

Printed by Vinayak Balkrishna Paranjpe at the Native Opinion Press, No. 2, Angria's Wadi, Girgaon, Bombay and published by Pandharinath Vinayak Pathak of Balkrishna Laxman Pathak No. 2, Motibazar, Bombay.

કન્યા વાંચનમાળા.

પુસ્તક પહેલું—ભાગ ૧.

પાઠ ૧ લો.

સંગીન—મજબુત; જોરાવર.
શહેનશાહ—મહારાજાધિરાજ.
રાજ્યકુળ—રાજ્ય કુટુંબ.
પુરાતન—ઘણું જુનું, અસલી.
બિરાજેછે—રાજ્ય કરેછે; પધારેછે.
ભાગ્યશાળી—નસીબવાન.
ચરિત્ર—ગુણ દોષનું બંધારણ.
સ્વર્ગવાસી—ગુજરી ગએલા.
જ્યેષ્ઠ—વડીલ: સૌથી મોટા.
પ્રિન્સ ઑફ વેલ્સ—વેલ્સ પ્રાતનો રાજપુત્ર.

ઇલકાબ—ખિતાબ.
વડીલ—જ્યેષ્ઠ.
ઉત્સાહ—ઇંતેજારી.
લાડલડાવવા—વહાલ લડાવવાં
નિખાલસ—નિસ્પૃહી.
હસમુખા—આનંદી.
નૌકાશાસ્ત્ર—વહાણ ચલાવવાની ક્રિયા.

યોજના—યુક્તિ, ગોઠવણી.
પરસ્પર—એક બીજાને.
તાલીમ—કેળવણી.

ઇરાદો—વિચાર.
પ્રવાસ—મુસાફરી.
પ્રદક્ષિણા—ચોગરદમ ફરીવળવાની ક્રિયા.

પદવી—હોદ્દો.
માહીતી—ખબર.
પ્રવીણ—કુશળ.
નિર્ણય—ફેંસલો.
ક્રમેક્રમે—ધીમેધીમે.
નાજુક—કોમળ
કાળ થયો—મૃત્યુ થયું.
નિર્માણ કરેલું—નક્કી કરેલું.
યુવરાજ—ગાદીનો વારસ.
પદે—સ્થિતિએ.
આદર સત્કાર—આવકાર.
પાયતખ્ત—રાજ્યધાનીનું શહેર.
ધામધુમ—ભપકો.
ક્રિયા—કાર્ય.
પ્રસંગે—વખતે.
રાજ્યભક્તિ—રાજ્ય સેવા.
વફાદાર—વિશ્વાસુ.
આબાદી—ચઢતી.

ટુંક વાકયો.

નૌકા શાસ્ત્રની તાલીમ આપી—વહાણ ચલાવવાની વિદ્યામાં પ્રવીણ કરવામાં આવ્યા. તબીઅત લથડવા માંડી—તંદુરસ્તીમાં બગાડો થવા માડયો.

ટૂંક નોંધ.

ઇંગ્લાંડનું રાજ્ય સંગીન અને અંગ્રેજી રાજકુળ પુરાતન છે. હાલના શહેનશાહ જ્યોર્જ પાંચમા છે. તેઓ ઇંગ્લાંડના રાજા અને હિંદુસ્તાનના શહેનશાહ કહેવાય છે. તેમનો જન્મ ૧૮૬૫ ના જુન માસની ૩જી તારીખે થયો હતો. તેઓ એમના વડીલ બંધુ પ્રિન્સ આલ્બર્ટ વિકટરના મરણપછી અને ૧૯૦૧ માં પ્રિન્સ ઑફ વેલ્સ કહેવાયા. તેમના પિતા એડવર્ડ સાતમા અને માતા અલેકઝાન્ડ્રા થાય છે તેમને તેમના માતા પિતાએ ઉત્તમ કેળવણી આપવા ખાસ ધ્યાનમાં રાખ્યું હતું. તેઓએ જુદા જુદા શાસ્ત્રોનો અભ્યાસ કરી ઘણીઘણી બાબતોમાં પ્રવીણ થયા અને ઉત્તમ રાજ્યકારભાર ચલાવવા દરેક જાતની લાયકાત મેળવી. તેમણે ઇંગ્રેજી, ફ્રેન્ચ, જરમન, લેટિન વિગેરે ઘણી ભાષાઓનો સારો અભ્યાસ કર્યો છે. અને ૧૮૯૩ માં શાહજાદી વિક્ટોરીઆ મેરી સાથે એમનાં લગ્ન થયા. એમને પાંચ કુંવર અને કુંવરી છે. હાલના પ્રિન્સ ઑફ વેલ્સ એડવર્ડ છે. સને ૧૯૦૫ માં એઓ હિંદુસ્તાનમા પધાર્યા, અને પ્રજાએ સારો આદર સત્કાર કર્યો હતો. સને ૧૯૧૧ માં એઓ ઇંગ્લાડના રાજા થયા. એઓ હિંદુસ્તાનમા પધાર્યા, અને પાયતખ્ત દિલ્હીમાં રાજ્યાભિષેકની ક્રિયા થઈ. એઓ આપણા ઉપર ઘણો પ્રેમ રાખે છે અને આપણું કલ્યાણ ઇચ્છે છે. આપણા મહારાજા લાંબા વખત જીવે, અને આબાદી ભોગવે, તે માટે આપણે બધાએ ઈશ્વરની પ્રાર્થના કરવી જોઇએ.

પાઠ ૨ જો. જે કરવું તે સારી રીતે કરવું.

નણંદ–વરની બ્હેન.
અણીઓ–ધ્રાધરો.
કદના–માપના; ઘાટના.
નેફા–ચણીઆના જે ભાગમાં પાટી ઘાલવામાં આવેછેતેભાગ.
બારીક–ઝીણી.
ચેણ–કરચોલી પાડીને સીવવું તે.
ભોંજ્યાં–ઉટક્યાં.
કુચો–કુજડો.
લાભ–ફાયદો.
નકલ–કોપી; ઉતારો.
લપલપાટ–જોઇએ તે કરતાં વધારે કાળજી વગરની ઉતાવળ.

ટૂંક વાકયો.

સોય ચલાવતી હતી—સોયથી સીવવાનું કામ ચાલુ રાખતી હતી. બે પાનાં ચીતરી કાઢ્યા—બે પાનાં ગમે તેમ કાળજી વગર લખી કાઢ્યાં.

ટૂંક નોંધ

જે કામ કરવુ તે કાળજી રાખીને સારી રીતે કરવું. કામ કરવું એટલે ગમે તેમ વેઠીઆ વાડ ક ી એવો અર્થ થતો નથી, પણ કાળજીથી લપલપાટ કર્યા વગર કોઇપણ કાર્ય પોતાથી જેમ બને તેમ સારૂં કરવુ. એક ઇંગ્રેજી કવીએ બાળકોને બોધ દીધો છે કે "જ્યારે કામ કરતા હો ત્યારે કામ કરો, જ્યારે રમતા હો ત્યારે રમો; તે સુખી થવાનો રસ્તો છે. જે કોઈ કાર્ય કરો તે તમારા સઘળા જોરથી કરો અને તે વળી સારૂં કરો; કોઇપણ કાર્ય અધુરૂં કરતા નહી, કારણ કે અધુરાં કાર્યો કદી બરાબર સારા થતાં નથી." દરેક કાર્યમાં જોઇતી ઉતાવળ કરવી, પણ લપલપાટ કરવાથી કાર્ય બગડે છે.

પાઠ ૪ થો. વિદ્યા ગૌરીનો વિવેક.

વિવેક—સારૂં બોલવા ચાલવાની રીતભાત.

ઠેસ—ઠોકર.

ચાકળો—રૂથી ભરેલું અને ચામડાથી સીવેલું ગોળ બેસવાનું આસન.

સ્વચ્છ—ચોખ્ખું.

ચીંદરડી—લુગડાનો કકડો.

ખાતર—બરદાસ.

આદરસત્કાર—આવકાર.

ટળાવી—મટાડી

મફતની—વગર પૈસાની.

વખાણ કર્યાં—પ્રશંસા કરી.

ટૂંક વાકયો.

આપના જેવાનાં પગલાં મારે ઘેર કયાંથી—આપ જેવા માણસ મારે ત્યા કયાંથી પધારો ?

ટૂંક નોંધ.

દરેક બાળકને વિવેકી બનાવવું તે શિક્ષણનું પહેલું કાર્ય છે. બાળકો તેમના કુટુંબના પ્રમાણમા ઓછા વત્તા વિવેકી હોય છે નિશાળે જવાથી અને સારા શિક્ષકોના હાથ નીચે તાલીમ લેવાથી ધીમે ધીમે વિવેકી થવાની ટેવ પડે છે અને છેવટે વિવેક એક ગુણ રૂપ થઇ જાય છે. જે બાળકો વિવેકી હોય છે, તેમને વિવેકથી થતા ફાયદા જાણમા હશે અને પાછળથી વિવેકી છોકરાં દુનીઆમાં ઘણાં સુખી થાય છે. બોલાવતાં ચલાવતાં તો ખાસ બાળકોએ શીખવુંજ જોઇએ.

સમજુતિ.

વહેલાં સૂઇ વહેલાં ઉઠે, જરા ન દેખે દુ:ખ; બળ બુદ્ધિ બહુ ધન વધે, પામે સઘળાં સુખ—જે વહેલાં સુઇ જાય છે, અને વહેલાં ઉઠેછે, તેઓ લગાર પણ દુઃખ દેખતાં નથી, તેમ કરવાથી પૈસો, બુદ્ધિ અને જોર વધેછે અને સઘળાં સુખ મળેછે.

પાઠ ૫ મો. વહેલા ઉઠવાની ટેવ.

ઘોરોછો—ઉંઘોછો.
શરમીંદી થઇને—લજવાઇને
મન કરૂં છું—ઇચ્છા કરૂં છું.
વાણુ—રાતનું જમણુ.
તોપ પડી—મોટાં શહેરોમા વખત જણાવવા તોપનો આવાજ કરવામાં આવેછે તે.
મહાવરો—અભ્યાસ; ટેવ.
રમુજી—મજેની.
ઉજાગરો—જાગરણ.
સાચ્યું—બચાવ્યું: ભેગું કર્યું.

ટૂંક વાકયો.

ઉંઘ અને આળસ વધાર્યાં વધે—ઉંઘ અને આળસ માણસ જેટલા પ્રમાણમાં વધારવા માગે તેટલા પ્રમાણમાં વધારી શકેછે. દીવો બાળીને કાંત્યુંને પેટ બાળીને સાંચ્યું—રાત્રે કાંતવાનું કરેલું કામ અને પેટે પાટા બાંધીને બચાવેલા પૈસા નુકશાની વેઠીને મેળવેલા હોય છે; રાત્રે લાંબો વખત કામ કરવાથી આંખોને તેમજ તંદુરસ્તિની નુકશાન થાય છે.

ટૂંક નોંધ.

દરેક બાળકે વહેલા સવારમાં પાચ વાગે ઉઠવાની ટેપ પાડવી જોઇએ. બાળકને એક કુમળા રોપા માફક જેવી ટેવ પાડવી હોય તેવી ટેવ પાડી શકેછે. જે બાળકો સવારમાં વહેલા ઉઠેછે તેઓ વહેલાં ઉઠવાથી શા શા ફાયદા થાય છે તે જાણતાં હશે. સવારમા હવા ચોખ્ખી હોય છે, તેથી સ્વચ્છ હવા મળે છે. મન અને તન બન્ને તાજાં હોય છે. તેથી જે કાર્ય કરવામાં આવેછે તે કાર્ય સહેલાઈથી અને સારૂં કરી શકાય છે. ખાસ કરીને વાંચવાનું કામ ઘણું સુગમ થઇ પડેછે. શાંતિ હોવાથી જે વાંચો છો તે યાદ રહી શકેછે. રાત્રે કામ કરવાની જરૂર પડતી નથી. દીવસમાં જોઇતા પુરતો વખત મળેછે. આખો દીવસ મન પ્રફુલ્લિત રહે છે અને એવા બીજા ઘણા ફાયદા થાય છે. એક અંગ્રેજી કવી કહેછે કે જે માણસ વહેલો ઉઠેછે અને વહેલો સુઈ જાય છે તે

તંદુરસ્ત પૈસાદાર અને ડાહ્યો થાય છે. માટે વહેલા ઉઠવાની દરેક બાળકે ટેવ પાડવી જોઇએ.

પાઠ ૭ મો. ધીરજ.

ટકટક—બબડાટ.	ભંગ—ખલેલ.
ખોડો—ખાપણો.	રંગ—મજા.
અણગમો—નાખુશી.	સમાચાર—ખબર.
કંટાળો-ત્રાસ.	ધીરજ—સબુરી.
કૃત્ય-કામ.	ફળાદિ—ફળ ફૂલ વિગેરે.
નારાજ—નાખુશ.	હરી ગયો-છાની રીતે લઇ ગયો.
સાવચેતી—સંભાળ.	
શત્રુવટ—વેર; દુશ્મનાઇ.	આરોપ—આળ
બળાપો—ગભરામણ	સહન કર્યા-વેઠયા

ટૂક વાકયો.

રંગમા ભંગ પડે છે—મજામા ખલેલ પહોચે છે—આનંદનો નાશ થાય છે. સીતાનાં વીત્યા—સીતા સતીને જેટલા અત્યંત દુ:ખ પડયાં તેટલા દુઃખ પડયાં.

ટૂંક નોધ.

દરેક બાળકે ધીરજવાન થવા શીખવું જોઇએ. જો કે જન્મથીજ દરેક બાળક ધીરજવાન હોવું જોઇએ એમ નથી, તો પણ દરેક સારી કેળવણીથી ધારે તો તેમ થઈ શકે આ દુનીઆમાં માણસો તેમજ સ્ત્રીઓને ઘણા દુ:ખો આવી પડેછે. તે સર્વે દુ:ખો ધીરજથી સહન થઈ શકેછે. મનુષ્ય માત્ર અપૂર્ણ છે. અને તેનું ધારેલું દરેક વખતે થવુ જોઇએ એમ બનવાજોગ નથી, તો પછી અધીરા બની પોતે દુ:ખી થઇ બીજાને દુ:ખી કરવા નહી. પોતાની મરજી પ્રમાણે થવું જોઇએ એ ખ્યાલ દરેક બાળકે મગજમાંથી કાઢી નાખવો જોઇએ. તેમ કરવાથી

દરેક બાળકને ધીરજવાન થવાની ટેવ પડશે. અને આ દુની-આમાં સુખેથી જીંદગી ગુજારશે. આપણા દેશમાં એક જુની કહેવત છે કે સબુરીના ફળ મીઠાં હોય છે, તો પછી દરેક બાળકે સબુરી રાખતાં કેમ નહી શીખવું ? જે બાળકોમાં ધીરજનો ગુણ હોય છે તે બાળકો ધીરજથી શા શા ફાયદા થાય છે તે જાણતાં હશે.

પાઠ ૮ મો. કામનો શોખ

શોખ–છંદ; નાદ.	બોધ–શીખામણ.
ભાગુ થાય–બંધ બેસતું થાય.	માંદલો–માંદા જેવાં.
સીમ–ખેતર.	સરજ્યા છે–પેદા કર્યાં છે.
કહેવત–કહેણી.	કામણ–જાદુ;વશ કરવાની યુકિત

ટૂંક વાકયો.

ફરે તે ચરે અને બાંધ્યા ભૂખે મરે—જેવી રીતે ઢોરાંને છુટાં મુકીએ તો ખેતરમાં ચારો ચરે, નહી તો બાંધેલા રાખીએ તો ભુખે મરે. જેણે કામ કર્યું તેણે કામણ કર્યું—જેણે કામ કર્યું તેણે જાદુ કર્યો—જે કામ કરેછે તેને તેનો લાભ મળેછે, અને બીજાને પોતાનો તરફ આકર્ષે છે

ટૂંક નોંધ.

દરેક બાળકે કામનો શોખ રાખતા શીખવું જોઇએ. કામમાં રોકાવાથી કેટલો આનંદ થાય છે તે કામગરાં બાળક જાણતાં હશે. ત્યારે આળસુ બાળકો કેવાં ઉદાશી અને માદલા હાય છે ! આપણામાં કહેવત છે કે કામ એ મનુષ્ય માત્રનો ખોરાક છે. આ દુનીઆમાં દરેક મનુષ્યને તેમજ દરેક સ્ત્રીને જુદી જુદી જાતના અનેક કાર્યો કરવાના હોય છે, અને તે સર્વે શીખ્યાથીજ આવડેછે; માટે જો શીખવાની ખંત ના રાખીએ તો કેવી રીતે આવડે ! માટે દરેક બાળકે કામનો શોખ રાખવો જોઇએ. કામ વગરની જીંદગી રસ વિનાની લાગે છે. બાળાઓ નાન પણમા સીવવા,

ભરવાનું વિગેરે જે કામ શીખેછે તેનો લાભ મોટપણમાં સારો થઈ શકેછે પોતાનો નવરાશનો વખત તેમાં રોકી શકેછે. ત્યારે આળસુ બાળાઓ મોટપણમાં લોકોની કુથલી કરવામાં અને સાચું જુઠું કરવામાં વખત ગુમાવે છે અને ઇશ્વરના ગુન્હેગાર બને છે.

પાઠ ૧૦ મો. ઘરેણાનો છંદ

છંદ—નાદ.
બાળકબુદ્ધિ—કાચી સમજ.
વડ સાસરા—મોટા સાસરા; વરના બાપના બાપ.
સ્નાન—નહાવું તે.
વીલ્યા—ગયા.
ધબધબ—પછાડા કરતો.
અકળાયા—ટીચાયા.
ક્ષય—છાતીમાંથી ગરફા પડે અને અંતે મરણ નીપજે તેવો રોગ
આગ્રહ—આનાકાની.
ચોમેલી—સ્તબ્ધ.
કંતાઇ—તવાઈ.
જોટવાં—વેઢ.
છ વિંટીઆં—સ્ત્રીઓને પગની આંગળીઓએ પહેરવાની ઘુઘરીવાળી વીંટીઓ.
હોંસેહોંસે—આનંદથી.
લીવીંગ—લવીંગના આકારનું સોનાનું ઘરેણું.
બુકડી=ઘરેણાનું નામ છે.
દામણા-કપાળની છેક ઉપર પહેરવાનું હીરામોતીનું ઘરેણું.
નાગફળી—એક જાતનું ઘરેણું.
છંદ—હાથે પહેરવાનુ હાથી દાંતની ચુડીઉપર સોનાની ચીપથી મઢેલું ઘરેણું.

ટૂંક વાકયો.

દાગીનાથી તમને અણગમો થતો નથી—દાગીના પહેરવાનું તે મને બહુજ ગમે છે.

ટુંક નોંધ.

કેટલીક બાળાઓને તેમજ સ્ત્રીઓને ગમે તેવાં ઘરેણાં પહેરવાનો ખોટો છંદ હોય છે. અતિશય ઘરેણાં પહેરવાથી શરીરને

કેટલી બધી હાની પહોચેછે! અને કેટલાકને તો છેવટે ક્ષય જેવો રોગ લાગુ પડે છે ઘરેણાં પહેરવાને માટેજ બનાવેલાછે, માટે જોઇતાં અને શરીરને શોભા આપે એવાં નાજુક ઘરેણાં તે પહેરવાં જોઇએ. જે બાળાઓ નીશાળમા કેળવણી લેછે તે બાળાઓ ઘણાં અને વજનદાર તેમજ બીન જરૂરીઆત ઘરેણાં પહેરવાથી શા શા ગેરફાયદા થાય છે તે જાણતી હશે! દરેક બાળાએ ઘરેણા પહેરવાનો અતિશય છંદ તો રાખવો જોઈએ નહી

પાઠ ૧૧ મો. ઘરેણાં અને તે પહેરી રસળતી છોડી.

રસળતી–રઝળતી.
ગળગળી થઇને–રડવા જેવું મોંકરીને.
માઠી ખબર–દુઃદાયક સમાચાર.
ખેદ–દીલગીરી.
પત્તા–ઠેકાણું.
ખોળ–શોધ.
ખોળમખોળ– શોધાશોધ.
લાસ–મુડદું.
ઠાવકી–ગંભીર
ફોસલાવીને–છેતરીને.
ઓતાડા–એકાંત. કોઈ જતું આવતું ન હોય એવી જગામાં આવેલો.
નોતર–જમવા આવવાનું કહેણુ કહેવાનું કામ.
ટાણેટચકે-સારે અવસરે.
શોભા–ખૂબસુરતી.
વખોડેછે–નિંદેછે.

ટૂંક વાકયો.

સગા વહાલાના મન ઉંચા થયાં—સગા વહાલાંના મનને ચિંતા થઇ. તમારૂં આખુ ડીલ ઘરેણાંથી મઢી લીધું હોય—તમારે આખે શરીરે ઘરેણાં ઘરેણાં કરી મૂક્યાં હોય.

ટૂંક નોંધ.

પુરૂષો કરતાં સ્રીઓને ઘરેણાં પહેરવાને વધારે જરૂર છે. કુદરતી રીતે બાળાઓને નાનપણથીજ ઘરેણાં પહેરવાનો શોખ

હોય છે. તેમજ અજ્ઞાન માતાપિતાઓને પોતાની બાળાઓને ગમે તેવા પુંકળ ઘરેણા પહેરાવવાનો ઘણો શોખ હોય છે, અને જ્યારે તેમ કરવાથી માઠા પરીણામ આવે છે ત્યારે ઘણો ખેદ કરેછે. હાલ તો માતાઓ સાધારણ ભણેલી હોય છે; તેથી કેટલીક તો આવો, નુકશાન કારક શોખ રાખતી નથી. બાળાઓમાં પોતાનું રક્ષણ કરવાનું પુરતુ બળ હોતું નથી, તેથી કરીને તેમણે ખાસ કરીને કીંમતી અને વજનદાર ઘરેણાં તો પહેરવા જોઇએ નહી. ટાંણે-ટચકે પોતાના સગાં વહાના જોડે હોય અને જો પુષ્કળ કીંમતી ઘરેણાં પહેર્યાં હોય તો અડચણ નહી. પણ એકલા ઘણાં ઘરેણાં પહેરીને રઝળવુ નહી; કારણ કે કદાચ જીવ જોખમમા આવી પડે. ઘરેણા નાજુક અને હલકાં તેમજ જરૂરીઆત પહેરવાં જોઈએ. ઘણા ખાનદાન કેળવાયલાં કુટુંબોમાં પુષ્કળ અને ગમે તેવા ઘરેણાં પહેરવાનો ચાલ હવે નાબુદ થયો છે

પાઠ ૧૩ મો ચોદ્દાં ખોળવા વિષે.

ચોદ્દાં—ખોડ ખાંપણો.

નસીબદાર—ભાગ્યશાળી.

ખુદા—પરમેશ્વર.

ઉછેદીઉં—વારસ મૂક્યા વગર મરી જાય તેની માલ મિલકત મળે તે.

ખોડો—ખાંપણો

વારસ—હકદાર.

માજરી—ભળા ડોળાવાળી.

ખોડીલો—ખોડવાળો.

કરડી—આકરી

કદરૂપી—બેડોળ.

સહેલસપાટા—મોજમજા.

ટુંક વાક્યો

તમે તેના રણશીંગાં ભલે ફુંકો—તમે ભલે તેના ગુણ ગાઓ. વાંકાચુંકા પણ ઘઉના રોટલા છે—જો કે ઘઉનો રોટલો ગમે તેવો વાંકો ચુંકો હોય તો પણ આ ખરે ઘઉંનો રોટલો તે ઘઉનોજ; તેવી રીતે મારો છોકરો ગમે તો કાળો છે પણ છેવટે મારો તે

મારોજ. મહેતાએ ભણીને શું અજવાળું કર્યું—મહેતાએ ભણીને શું લહેણુ કાઢ્યુ ?

ટુંક નોંધ

સામાન્ય રીતે પુરૂષો આખો દીવસ નોકરી ધંધામાં રોકાએલા રહે છે, પણ કેટલીક સ્ત્રીઓ ઘરના કામકાજથી પરવારી એટલે બેચાર ભેગી થઈ કોઇ આડોશી પાડોશીની ખોડ કાઢવામાં તથા તેનું ભૂંડું બોલવામાં નકામો વખત ગાળે છે અને ઇશ્વરની ગુન્હેગાર બને છે. આથી તેમને બીજાની ખોડો કાઢવાની ટેવ પડે છે અને કોઇના ગુણ જોઇ શકતી નથી. તેથી તેમનો સ્વભાવ ખોટો અને ઝેરીલો બને છે તેથી પોતે દુઃખી થાય છે એટલુંજ નહી, પણ પોતાના સગા વહાલાંને પણ પોતાના ખરાબ સ્વભાવ થી દુઃખી કરેછે, અને પોતાના છોકરાં ઉપર પોતાના ખરાબ સ્વભાવની અસર થાય છે એટલે પોતાની વહાલામા વહાલી ચીજને હંમેશને માટે દુઃખી કરે છે. બાળાઓ, જ્યારે લોકોના ચાંદાં ખોળવાથી આવુ મોટું નુકશાન થાય છે તો પછી શામાટે તમારે તેવી ખરાબ ટેવ પાડવી જોઇએ ? તેમ કરવાથી ઇશ્વરના કેવા ગુન્હેગાર થવાય છે તેતો તમે સર્વે જાણો છો, તો પછી દરેક બાળાએ આવા દુર્ગુણોથી વેગળા રહેવુ.

પાઠ ૧૪ મો નાની નણંદ (ભાગ ૧ લો.)

નણંદ—વરની બહેન	દાવો—હક.
ભોજાઇ—ભાઈની વહુ	દાખવશે—બજાવશે.
ચાવળી—બહુ બોલકણી.	મહેણું—તોણું
ચાડી ખાવી—કોઇની છાની વાત કોઇને કહેવી	ધમકાવી—બીવરાવી.
અદેખી—ઝેરીલી.	લાજ—આબરૂ.
ઠપકો—કડવાં વેણ કહેવાંતે.	ખરાખરી—સાચું.

નિંદા-વગોવણું.	પાત્ર-લાયક.
ગાઠીઓતાવ-તાવ સાથે ગાઠ નીકળે તેવો રોગ; પ્લેગ	પસ્તાવો-પશ્ચાતાપ.
	વલે-હાલ; ફજેતી

ટુંક વાકયો

મીઠું મરચુ ભભરાવે—કોઇપણ વાત રસીક બનાવવા ખાતર પોતાના તરફથી પોતાનુ હોંશીઆરી દેખાય તેવા શબ્દો ઉમેરે મોં ઉતરી ગયું—વીલી પડી ગઇ. શેરડા પડયા—ટીકાશ દાખવી; લજવાઇ જવાથું.

પાઠ ૧૫ મો નાની નણંદ. (ભાગ ૨ જો).

પરગામ-બહારગામ.	ચેન-સુખ
ગાળવા-ગુમાવવા	લવરી-બડબડાટ.
કાળજી-દરકાર, ચિંતા.	શોકવાન-દીલગીર
ભય-બીક.	પટાવીને-ફોસલાવીને.
વિતાડયુ-દુઃખ દીધું.	પ્યાર-હેત.
હેરાન-દુઃખી.	ગોઠવણ-બંદોબસ્ત.
નિશ્ચય-ઠરાવ	છોકરવાદી-નાદાની.
કુટેવો-ખરાબ આદતો.	

ટુંક વાકયો.

ભાભીને કબજે આવ્યાં—ભાભીની સંભાળ નીચે આવ્યાં. વીજીનું શરીર ઘણું લેવાયું નહી—વીજીનું શરીર ઘણું કમતાકત બની ગયું નહીં.

ટુંક નોંધ.

સામાન્ય રીતે હિંદુઓમાં નણંદ ભોજાઇ ઉપર નણંદપણું દાખવ્યા વગર રહેતી નથી. ગમે તે રીતે નણંદ ભોજાઇને સતાવ્યા કરેછે. આવા પ્રસંગોમાં બાળાઓએ ખાસ કરીને ભૂલી

નહી જવુ જોઇએ કે એક વખત ભોજાઇ થવાનો તેમનો પણ વારો આવશે અને પોતાનેપણ નણંદપણું સહન કરવું પડશે. આડકતરી રીત ભોજાઈને દુઃખી કરીનવેર બાંધવુ જોઇએ નહી. હંમેશાં ભોજાઇ જોડે સારાસારી રાખી તેનો પ્રેમ મેળવી લેવો, જેથી કરીને દુનીઆનો લ્હાવો લેવાય અને દરેક બાબતમાં મદદ મેળવાય પોતાનાં સગાં વહાલાંના સુખદુઃખમાં ભાગીઆ થઈ પોતાના સુખદુઃખમાં તેમને ભાગ લેવરાવવો તેજ દુનીઆનો ખરો લ્હાવો છે. તો દરેક બાળા આ ઉપરથી ધડો લઈ જો પોતાનામાં આવી ભૂલ હશે તો તે સુધારશે

પાઠ ૧૭ મો. વઢકારી પાડોશણ.

વઢકારી–લડાઇખોર	વાંક–ગુન્હો.
વારો–વખત.	નરમ–હલકો.
આવ–તાકાત.	ક્ષમા કરવી–માફી બક્ષવી.
છુટકો–નિકાલ.	મિથ્યા–ફોકટ.
મુનીવ્રત–મુગાં રહેવુ તે.	ભાર–વક્કર.
ઉકળી–ગુસ્સે થઇ-	દોઢ વાક–એકનો આખો અને
ટળી–નાશપામી	બીજાનો અર્ધો

ટૂંક વાકયો

મુનિવ્રત ધારણ કર્યુ—ચુપ રહ્યા. ખુબ ઉકળી—બહુ ગુસ્સે થઇ

ટુંક નોધ.

કેટલીક બાળાઓને નાનપણથીજ વઢવાની ટેવ હોય છે, અને તે મોટપણમાં મક્કમ થાય છે અને “ વઢકણી બાયડી ” એવો ખિતાબ મળે છે. તો જે બાળામા આ દોષ હોય ત બાળા ધારે તો નાનપણમાં આવો દોષ નાબુદ કરી શકે. આ દોષથી કેટલા બધા ગેર કાયદા થાય છે ! દરેક જોડે દુશ્મનાઈ થાય છે, કોઈ તેનું સારૂં બોલતુ નથી, કોઇ કામમાં આવતું નથી

કોઇ સોબત કરતું નથી, સ્વભાવ બગડતો જાય છે અને છેવટે ઘણાં દુઃખ વેઠવાં પડેછે. તો પછી જે દુર્ગુણ તમારી આખી જીંદગી પાયમાલ કરી નાખે છે તેને તમારે નાનપણમાજ જડ મુળથીજ કેમ ઉખેડી નહી નાખવો જોઇએ કે જેથી તમારી પાયમાલી થતી અટકે ?

પાઠ ૧૮ મો. સોબતના ફળ.

સોબત–સંગત.
વહેમ–શક.
ચોક્ખી–સાફ.
જુઠ–જુઠાણું

અવગુણ–દોષ; નુકશાન.
માઠાં–ખરાબ.
સુચાલ સારીચાલ.

ટુંક વાકયો

સોબત તેવી અસર—જેવી સોબત થાય છે તેવી અસર થાય છે—તેવા ખરા ખોટા ગુણ આવે છે. માઠી સંગત જો મળે. માઠાં કામ કરાય; સારી સંગતથી સદા, સારી ચાલ ચલાય—જો નઠારા માણસની સંગત થાય છે તો નઠારાં કામ કરાય છે, જો સારા માણસની સંગત થાય છે તો સારાં કામ કરાય છે.

ટુંક નોંધ

આપણા દેશમાં જુની કહેવત છે કે "સોબત તેવી અસર" તો પછી દરેક બાળાએ હંમેશાં સારી અને સુચાલ બાળાઓની સંગત કરવી. બાળાઓ અજ્ઞાન હોવાથી સોબત કરવામાં પોતાના વડીલની સલાહ લેઇ સોબત કરવી, કે જેથી પછવાડેથી પસ્તાવું પડે નહી. એક અંગ્રેજી કવિએ કહ્યું છે કે "હંમેશાં તમારા કરતાં જે વધારે સારો અને સુચાલી હોય તેની સોબત કરજો" નાનપણમાં જે ટેવો પડેછે તે ધીમેધીમે મજબુત થાય છે માટે સારી ટેવો પાડવા ખાસ ધ્યાનમાં રાખવું, અને ખરાબ ટેવોને જડ-મૂળથીજ ઉખેડી નાખવી જે મનુષ્યની ટેવનું બંધારણ સારૂં

તે માણસ આ દુનીઆમાં સારો ગણાય છે અને સુખી થાય છે. દરેક બાળાએ ગુણીએલ થવા ગુણીએલ બાળાઓની સોબત કરવી અને પોતાનાથી નાની બાળાઓને પોતાની સગતમાં લેઈ ગુણીએલ બનાવવી.

પાઠ ૨૦ મો દયા અને દાન.

દયા—રહેમનજર.	આશીષ—દુવા.
દાન ધર્મ બુદ્ધિથી આપવું તે.	સ્વાર્થી—આપમતલબી.
છાતીફાટ—અતીશય.	પરગજુ—પારકાનું ભલું કરનાર.
હડખાયુ—હડકાયેલું.	રૂઠે—ગુસ્સે થાય.
મજુરી—મહેનત.	બક્ષીસ—ઈનામ.
ઓરવા—રાંધવા.	કૃત્યો—કામો.
પાડમાન્યો—આભાર માન્યો.	ઓતરવા—ખણવા.
ટઠ—ટોળું.	ઉર—મન.
રાહ—વાટ.	સુપાત્ર—લાયક.

ટુંક વાકયો.

ટમટમી રહ્યો હતો—આથો પાછો થઈ રહ્યો હતો—તૈયારજ થઈ રહયો હતો. મારૂં નસીબ ફુટી ગયુ—હું અભાગીઅણ થઈ ગઈ—મારો ધણી ગુજરી ગયો. દયા ન ખાય—દયા ન લાવે. દુઃખી—જનારૂં—દુઃખી માણસને દેખી તેનું દુઃખ ટાળવા મનમાં દયા લાવો, દયાળુ થઈને દાન કરી જાણો શરા દુઃખીને જોઈને જે દાન કર્યું હોય તે સારૂં દાન ગણાય છે, કહે છે કે જે પોતાની જાતે દાન કરે છે તેની જોડે તેનું પુણ્ય આવે છે.

ટુંક નોંધ.

આ દુનીઆમાં ગરીબ તેમજ પૈસાદાર લોકો વસે છે. બન્નેને અનેક તરહેનાં દુઃખો માથે પડે છે. પણ ખાસ કરીને ગરીબ

લોકોને પૈસાની તંગીને લીધે ઘણાં દુઃખો ઓવી પડેછે. તો પૈસાદાર લોકોએ ગરીબ લોકોને મદદ કરવી એ ઐશ્વરી ફરજ છે. પુરૂષો ગમે તેમ કરીને ગુજરાન ચલાવેછે, પણ રાંડેલી ગરીબ અબળાઓને પોતાનો અને પોતાના છોકરાનો નિર્વાહ ચલાવવો ઘણો દુઃખદાયક થઈ પડે છે; તો તેવાં સુપાત્ર ગરીબોને પૈસાદાર લોકોએ દાન કરવાએ ઐશ્વરી ફરજ છે. જે એ ફરજને અનાદાર કરેછે તેના ઉપર ઇશ્વર ગુસ્સે થાય છે. પૈસાદાર બાળાઓએ અનાથ ગરીબ છોકરડીઓને પોતાનાથી બનતી મદદ કરી તેમની આશીષ મેળવવા ધ્યાનમાં રાખવું જોઇએ. તેથી ઈશ્વર તેમના ઉપર રાજી થાય છે અને તેમને સુખી કરેછે.

પાઠ ૨૧ મો. ચાંદણુ અને ચશાબ

મનીદો—એક જાતની ઉંચી વાની.	તક—વખત.
રોટી—રોટલી.	પોટકી—પોટલી.
નવગશ—ફુરસદ.	હરખાઇ—આનંદ પામી.
ચાવલ—ચોખા.	ખાલી—ઉઘાડી.
અમર—પાસ.	રજેરજ—જરેજર.
વિસારેપડયા પછી-ભૂલી ગયા પછી	હાલત—સ્થિતિ.
	લાભ-ફાયદો.
	ગુંથાઇ—રોકાઈ.

ટુંક વાકયો

હાલત સુધરી—સારી સ્થિતિ થઇ.

ટુંક નોંધ.

આ દુનીઆમાં દરેક મનુષ્ય પોતાની શકિતના પ્રમાણમાં પૈસા પેદા કરેછે; પોતાની મરજી પ્રમાણે પૈસા પ્રાપ્ત કરી શકતો નથી. માટે માણસો પૈસાનો જોઇએ તેટલો સંભાળથી ખરચ કરેછે. નહી તો દેવાદાર થાય અને ઘણી દુઃખી સ્થિતિ ભોગવવી પડે. માટે

ઘણા ખરા માણસો કરકસરીઆ હોય છે. કરકસર એ એક જાતનો ગુણ છે. દરેક મનુષ્યે કરકસર કરતાં શીખવું જોઇએ. પૈસાદાર અગર ગરીબ બન્નેને માટે તે ગુણ અગત્યનો છે. બાળાઓએ કરકસર કરતાં શીખવું જોઇએ. તેથી તેઓ પોતાના કુટુંબને ઘણો ફાયદા કરી શકેછે અને અનેક તરહેની અડચણો દુર કરી શકેછે; અને જેટલો કરકસર ગુણ છે તેટલોજ લદકે તેથી વિશેષ ઉડાઉપણું દોષ છે. દરેક બાળાએ ઉડાઉ ન થવાય તે માટે ધ્યાનમાં રાખવું.

પાઠ ૨૩ મો. પરમેશ્વર અને તેની સત્તા.

(ભાગ ૧ લો.)

સત્તા–હકુમત.
તાગ–છેડો
અસંખ્ય–અગણિત.
અપાર–છેડા વગરનું.
અતિ મોટી–ઘણી મોટી.
વાવા ઝોડું–પવનનું તોફાન.
કાટકા–મોટા અવાજ.
છળવા–બીવા.
ભયંકર-વિક્રાળ.
અતિવૃષ્ટિ–ઘણોજ વરસાદ.
દુકાળ–અનાજ પાણી ના મળે એવો વખત.
હિમ–બરફ.
ધરતી કંપ–પૃથ્વીનું હાલવું તે.
જ્વાળામુખી–બળતો પહાડ.
લક્ષ–ધ્યાન.
મંદમંદ–ધીમેધીમે.
સુખકારક–સુખ કરે એવો.
નિરંતર–હંમેશાં.
અદ્‌ભુત–આશ્ચર્ય.
ચમત્કારી–આશ્ચર્યકારક
દિંગ–તાજુબ
અનંત–છેડા વગરના
ઘોડા–મોજાં.
સ્વપ્નવશ–સ્વપ્નને તાબે.
અનુભવ–જાણ; જ્ઞાન.

ટુંક વાકયો.

ભરતી ઘોડા ચઢી આવે છે અને ઉતરી જાય છે—ભરતીનાં મોજાં ચઢી આવેછે અને પાછા હતાં ત્યાને ત્યાં ઉતરી જાય છે.

પાઠ ૨૪ મો. પરમેશ્વર અને તેની સત્તા.

(ભાગ ૨ જો.)

વિસાતમાં—ગણતરીમાં.
અમલ—હકૂમત.
કબજામાં—સત્તામાં.
ઇંદ્રિયો—જેવડે કામ તથા જ્ઞાન થાય છે તે.
બ્રહ્માંડ—દુનીઆનો ગોળો.
આપોઆપ—પોતાની મેળે.
સર્વ શક્તિમાન—બધી શક્તિ વાળો.
સર્વ વ્યાપી—બધે ફેલાયલો.
સર્વજ્ઞ—સઘળું જાણનારો.
હેતુ—મતલબ.
સોસવું—ખમવું.
ભાવ—આસ્થા.
પ્રાર્થના—સ્તુતિ; અરજ.

ટુંક વાક્યો.

પરમેશ્વર સર્વ શક્તિમાન અને સર્વ વ્યાપી કહે વાય છે—પરમેશ્વર બધી જાતની શક્તિવાળો અને દરેક ઠેકાણે ફેલાઈ રહેલો હોય છે. આપણે માથે પાપ પડેછે—આપણે પાપી થઈ જઇએ છીએ.

ટુંક નોંધ.

સર્વ કોઇ બાળા જાણતી હશે કે તેને પોતાને પરમેશ્વરે બનાવીછે. પણ તે તેને કોઇ વખત દેખી શકતી નથી. આખા બ્રહ્માંડને ચલાવનારી સર્વોપરી અનંત સત્તાને આપણે ઇશ્વર કહીએ છીએ. તેણે આપણને માટે જોય તી દરેક ચીજ બનાવી છે. સૂર્ય, તારા, પૃથ્વી અને જે સર્વે ચીજો આપણે જોઇએ છીએ તે સર્વે આપણેને માટે ઇશ્વરે બનાવેલી છે. તેના બદલાનાં આપણે તેના નિયમ પાળવાને બંધાયલા છીએ. નિયમ બે જાતના છે. એક તો જેનાથી જગતના બનાવો બને છે તે. તેમાં મરવું, જન્મવું, ખાવું, પીવું, થવું વિગેરે આવી જાય છે. જગતમાં કેમ ચાલવું તે બતાવનારા બીજી જાતના નિયમો છે. તેમા સાચું બોલવું. દયા રાખવી, ચોરી કરવી નહી, વિગેરેનો સમાવેશ થાય છે,

જે આ નિયમોનો ભંગ કરેછે તે ઇશ્વરનો ગુન્હેગાર બનેછે અને તેને માટે તેને ઇશ્વિર તરફથી શિક્ષા થાય છે. માટે દરેક બાળાએ સર્વજ્ઞ સર્વવ્યાપી ઇશ્વરના નિયમનો ભંગ ના થાય તે માટે ખાસ ધ્યાનમાં રાખવું. ઇશ્વરે આપણને અને આપણે માટે આટલી બધી ચીજો ઉત્પન્ન કરીછે કે તેનો બદલો વાળવો તદન અશક્ય છે, પણ સવારને સાંજ દરરોજ તેની પ્રાર્થના કરવી જોઇએ, કે જેથી આપણામાંથી દુષ્ટ મતિ નાશ પામે અને આપણે સુખી થઇએ.

પાઠ ૨૫ મો. હિંમતવાન સ્ત્રી.

પુર–રેલ.
ઓળંગવી–આરપાર જવું.
તરાપો–વાંસ બાંધીને પાલખ જેવું કરેછેતે.
દોર–દોરી.
કાંઠે–કિનારે.
ભેખડ–ટેકરાનો આગળ પડતો ભાગ.
ડુંગ–ઉપસાવેલી ધાર.
ઇજા–હરકત.
વર્તી–ચાલી.
ભમરા–પાણી ગોળ ચક્કર ખાય છે તે; વમળ.
પટ–પહોળાઈ.
છોળો–નાનાં મોજાં.
છળી–ડરી.
છાતીપુર–છાતીસુધી
અધખોલો–અડધો ઉઘાડો.
વિઘ્ન–ઇજા; હરકત.

ટુંક વાકયો.

કોઇ પોચા કાળજાની સ્ત્રી હોય—જો કોઇ બીકણ બાયલી સ્ત્રી હોય તે હિંમત હારી નહી—તે નાહિંમતબની નહી.

ટુંક નોંધ

આફતને સમયે નાહિંમતવાન થવું જોઇએ નહી. કુદરતી રીતે સ્ત્રીઓ બીકણ હોય છે. પણ બાળાઓ ધારે તો હિંમતવાન થઇ શકે. ધીમે ધીમે ટેવ પાડવાથી તેમ થઇ શકાય છે. હિંમત-

વાન સ્ત્રીઓ મોટી મોટી આફતોમાં પણ પોતાનો બચાવ કરી શકેછે. દુનીઆનાં ઘણાં કાર્યોમાં હિંમતની જરૂર પડેછે અને હિંમતવાન સ્ત્રીઓ પોતાનો સંસાર ઘણી સારી રીતે ચલાવી શકેછે.

પાઠ ૨૭ મો. વાઘ ભકત.

ભક્ષ–શિકાર.	કરણી–કૃત્ય
નિરાશ–નાખુશ.	છળકપટ–દગાબાજી
નિરાંતે–નિશ્ચિંતે.	ભાસ્યુ–લાગ્યુ.
વહીગઈ–પસાર થઈ ગઈ	ધાસ્તી–બીક.
છેતરીને–ઠગીને.	તલપ–કુદકો
મરડીઆ–એક જાતના ચુનાના નાના કાકરા	ખડખડ–જોરબંધ.
બેરખો હાથની નાની માળા	ધુતારા–ઢોગી; ઠગારા.
ભકિત–ભજન.	વેષ–ડોળ.
હત્યા–ઘાત.	ભોળા–છેતરાય તેવાં. કપટ વગરનાં
આતુર–ઇંતેજાર.	ઢોગ–કપટ; ડોળ.
	પાળી–છરી, કપટ.

ટુંક વાકયો.

હવે કેટલા કાળ કાઢવાના છે—હવે હું કેટના વર્ષ જીવવાનો (છું ? હવે હું ઘણું થોડું જીવવાનો છું.)

ધર્મનો બહારથી ઢોગ કરવો અને પેટમા પાળી રાખવી એ બહુ ખોટું છે—પોતે ધાર્મિષ્ટ છે એવો ખોટા ઢોંગ કરવો અને પેટમાં કપટ રાખવું અને લોકોને છેતરવું તે ઘણુંજ ખરાબ છે.

ટુંક નોંધ.

આ દુનીઆમાં બેઠા ખાઉ ઘણા ધુતારા હોય છે. તેઓ કામ નહી કરતાં ઢોંગ કરી ભોળા લોકોને છેતરી પોતાનું ગુજરાન કરે છે. સ્ત્રીઓ કુદરતી રીતે ભોળીઓ હોય છે એટલે આવા ધુતારા બપોર પછી જ્યારે પુરૂષ વર્ગ ઘેરના હોય ત્યારે જુદા જુદા વેષ-

ધારી ધર્મના ખોટા ઢોંગથી ભોળી સ્ત્રીઓને ફસાવી પૈસા તથા અનાજ કઢાવેછે. અજ્ઞાન સ્ત્રીઓ ઘણું કરીને વહેમી હોય છે. એટલે આવા ઢોંગી ધુતારાઓ કેટલીક વખતે કેટલાકના જાનપણ નુકશાનીમાં ઉતારે છે. માટે દરેક બાળાએ ઢોંગ પારખતાં શીખી, વહેમને દુર કરી જ્ઞાની થવા યત્ન કરવો જોઈએ. એમ કરવાથી તેઓ ઘણી રીતે પોતાના કુટુંબને ફાયદો કરી શકશે.

પાઠ ૨૮ મો. પાવાગઢ અને ચાંપાનેર.

ઘેરાવો—ફરતો ઘેર.
ચઢણ—ચઢવાનો માર્ગ.
કિલ્લેબંધી—કિલ્લા કોટનું કામ.
બુરજ—ઘુમટ.
હૈયારખી—છાતી સુધી આવે એવી ભીંત.
નરદમ—તદન.
ભવ્ય—ઘણાં મોટા અને શોભિતા
કોરી—કોતરી.
પતાઈ રાવળ—પાવા ગઢનો ધણી (તેના વંશજ બારીઆ ને ઉદેપુરના રાજા છે).
ખંડેર—ભાગી પડેલી ઇમારતો.
પીર—મરણ પામેલા મુસલમાન ફકીર.
દેરડી—દેવડી.
ખાઈ—ખાડી.
દંતકથા—મોઢાની ચાલતી ખરીખોટી વાત.
અલૌકીક—દૈવિક.
રૂપ—ખુબસુરતી.
પાલવ—લુગડાની કોર.
શાપ—બદદુવા.
ખરાબી—પાયમાલી.
સમાઈજતાં—અદૃશ્ય થતાં.
તળેટી—તળીઉં.
દિવાન—પ્રધાન.
ચૌટા—બાજાર.
મથક—જગ્યા.
અતિધનવાન—બહુ પૈસાદાર.
આબાદ—સમૃદ્ધિવાન.

ટુંક વાકયો.

ચાંપાનેરની ખરાબી થઇ—ચાંપાનેર પાયમાલ થઈ ગયું. ચાંપાનેર ભાંગવાથી આબાદ થયાં હતાં—ચાપાનેરનો નાશ થવાથી સમૃદ્ધિવાન થયાં હતા.

ટુંક નોંધ.

પાવાગઢ હિંદુ લોકોનું જાત્રાનું ઠેકાણું છે. પાવાગઢનો ડુંગર વડોદરાથી વીસ ગાઉ ઉપર આવેલો છે. તેનો ઘેરાવો ૧૭ ગાઉનો અને ઉંચાઈ અર્ધા માઈલની છે. તે પહેલાં પતાઈ રાવળને તાબે હતો. ડુંગરને મથાળે કાળકા માતાનું દેવળ અને તે ઉપર સદન શાહ પીરની દેવડી છે. એવી દંતકથા ચાલે છે કે કાળકા માતાના શાપથી ચાંપાનેરનો નાશ થયો. ચાંપાનેર વનરાજ ચાવડાના દિવાન ચાંપાએ વસાવ્યું હતું. બીજું ચાંપાનેર મુસલમાનોએ વસાવ્યું હતું. બન્ને ચાંપાનેરના ખંડેર હાલ જોવામાં આવેછે. અસલ ચાંપાનેરને ચોરાશી ચૌટાં હતા, અને ઘણું આબાદ અને પૈસાદાર શહેર હતું.

પાઠ ૩૦ મો. સંતોષીતે સદા સુખી.

સંતોષી–સંતોષવાળા.	મંદવાડ-રોગ.
વિદ્વાન–પંડીત.	આરોગ્ય–તંદુરસ્ત.
પરમાર્થી–બીજાનું ભલું કરનાર; પરગજુ.	અંત–કાળજી
સુબોધ–સારી શીખામણ	સાધન–સામગ્રી.
માર્ગ રસ્તો.	હેરાન–દુઃખી
વાંઝીઉં–છોકરા વગરનું.	નીવડે–નીકળે.
ઠાઠમાઠ–ભપકો.	અસંતોષ–સંતોષ નહી તે.
સ્વામી–ધણી.	મંત્ર–ગુપ્ત શ્લોક.
	સંભાર્યાકરજે-યાદ રાખ્યાકરજે.

ટુંક વાકયો.

મને ઓછું આવેછે—મારૂં મન કચવાય છે. સંતોષીતે સદા સુખી—જે માણસો સંતોષી હોય છે તે હંમેશાં સુખી હોય છે.

ટુંક નોંધ.

આપણામાં કહેવત છે કે " સંતોષી સદા સુખી. " માણસોને અનેક તરહેની ઇચ્છાઓ અને તૃષ્ણાઓ હોય છે, તે દરેક આશા

અગ ઇચ્છા પરીપૂર્ણ થાય તે આપણાં હાથમાં નથી, તો પછી અસંતોષી બની શામાટે દુઃખી થવુ ? જ્યારે માણસની મરજી પ્રમાણે કોઇ કાર્ય થતું નથી ત્યારે તે નિરાશ થાય છે અને સંતોષ ગુમાવી દુઃખી બને છે. તેવા પ્રસંગે સંતોષ રાખી ઇશ્વરની મરજી ઉપર વિશ્વાસ રાખવો જોઇએ. જે માણસો અસંતોષી હોય છે તેઓ હંમેશાં પોતાના ખોટા દુઃખનાં રોદણાં રડે છે અને દુઃખી થયા કરે છે. દરેક બાળાએ સંતોષી થવાની ટેવ પાડવી જોઇએ. મોટપણમાં તે ટેવ મક્કમ થશે અને સંતોષી બની સુખી થશે. સંતોષ એ ઇશ્વર તરફથી ઉત્તમ બક્ષિસ છે અને દરેક માણસે તે બક્ષિસનો લાભ લેવા ચુકવું જોઇએ નહી.

પુસ્તક પહેલું—ભાગ ૨.

પાઠ ૩૨ મો. સીતા.

સીતા-રામની સ્ત્રી; જનક રાજાની પુત્રી; જાનકી.
જનક-મિથિલા પુરીનો રાજા.
રામચંદ્રજી-દશરથના પુત્ર
પત્ની-ધણીઆણી.
ભાગ્યેજ-જવલ્લેજ.
સ્વયંવર-ઇચ્છિત વર પરણવાને રાજસભા ભરવી તે.
રચ્યો-ભર્યો.
ખ્યાતિ-વખાણ.
વરવાની-પરણવાની.
દશરથ-અયોધ્યાના રાજા.
પરાક્રમી-નરવીર.
વરમાળ-વરને પહેરાવવાની માળા.
આરોપી-પહેરાવી.
ઠાઠ-ભપકો.
કૈકેયી-દશરથ રાજાની સૌથી નાની રાણી.
ખટપટ-પ્રપંચ.
વનવાસ-જંગલમાં રહેવું તે.
ખિન્ન-દુઃખી, દિલગીર.
સ્વામીનાથ-પતિજી.
વિખુટી-જુદી.
માણ્યું-ભોગવું.
વિસાતમાં-ગણતરીમાં.
તત્પર-તૈયાર.
અથાગ-ઘણો
આગ્રહ-ખેંચતાણ.
અઢળક-પુષ્કળ.
રાની-જંગલી.
છળભેદ-કપટ.
હરણ કરી ગયો-છાનો માનો કપટથી લઇ ગયો.
લંકા-સિંહલદ્વીપ નામનો હિંદુસ્તાનની દક્ષિણે આવેલો બેટ.
અશોકવાડી-વાડીનું નામ છે.
ધમકી-બીક; દમ.
નાજુક-દુઃખ સહન ન થઇ શકે એવી.
દ્રઢતા-અડગપણું.

કૈંક વાક્યો.

સીતાજી એકનાં બે ન થયાં—સીતાજીએ પોતાનો ઠરાવ ફેરવ્યો નહી. આંખ ફેરવી—ગુસ્સે થઇ. સીતાને માથે દુઃખનાં આડ

ઉગવાજ બાકી રહ્યાં હતાં—સીતાને માથે દુઃખ પડવામાં બાકી રહ્યાં ન હતાં—અઢળક દુઃખ પડયા. બાઈ મને તો મીતાનાં વીત્યાં—બાઇ, સીતાજીને જેટલાં દુઃખ પડયાં તેટલા દુઃખ મેં વેઠયાં.

ટૂંક નોંધ.

સીતાજી જનક રાજાનાં પુત્રી અને રામચંદ્રજીનાં પત્ની થતાં હતાં. જનકે સ્વયંવર રચી દશરથ રાજાના પાટવી કુંવર રામચંદ્રજી જોડે સીતાજીનાં લગન કર્યાં ત્યારબાદ કૈકેયીના પ્રપંચથી રામચંદ્રજીને વનવાસ જવું પડ્યું. જોડે સીતાજી અને નાના ભાઇ લક્ષ્મણજી હતા. સીતાજીને અનેક દુઃખ પડ્યા તે સહન કર્યા, અને પતિના દુઃખનાં ભાગીએણ થયાં. એક વખત લંકાનો રાવણ રાજા સીતાજીનું હરણ કરી ગયો રામચંદ્રજીએ રાવણને હરાવી સીતાજીને છોડાવ્યા; પણ લોક લજ્જા ખાતર સીતાજીને વનમા ફરીથી રહેવું પડ્યુ. સીતાજી જોડે પરણવા રાવણે ઘણાંએ ફાં ફાં માર્યા પણ તેમાં સીતાજીના અડગપણાથી તે ફાવ્યો નહી. બાળાઓ, આ દુનીઆમાં પૈસો તમજ જાહોજલાલી હોવા છતાં અનેક તરહેનાં દુઃખ મનુષ્યઉપર આવી પડે છે. જ્યારે સીતાજી જેવા સતીને આટલાં બધાં ભારે દુઃખ વેઠવાં પડયાં તો પછી સાધારણ દુખો તો તમારે સહન કરતા શીખવું જોઈએ. કદી વિપત્તિના વખતમા હીંમત હારવી નહી અને પોતાના વિચારમાં મક્કમ રહી દુઃખો સહન કરવાં.

પાઠ ૩૩ મો. અશોક.

પુરાણો—હિંદુઓના જુના ઇતિહાસના ગ્રંથો.
કુળ—વંશ.
શ્રીકૃષ્ણ—દેવકીના પુત્ર.
જાદવ કુળ—કુળનો મુળ સ્થાપનાર યદુ નામનો રાજા હતો તે ઉપરથી એ નામ પડયું છે

દ્વારિકા-કાઠીઆવાડની વાયવ્ય કોણે આવેલું છે, એ શહેર ગાયકવાડ સરકારને તાબે છે અને ત્યાં રણછોડજીનું દહેરું છે.
રાજધાની-મુખ્ય શહેર.
મૌર્યવંશ-મુરા રાણીનો વંશ.
સ્થાપના-મંડાણ.
મગધ-બિહાર પ્રાંત.
સંગમ-મોટી નદીને નાની નદી જે જગાએ મળે છે તે જગા.
સમર્થ-જોરાવર.
મિત્રાચારી-દોસ્તી.
યુનાન-ગ્રીસ (યુરોપ ખંડમા દેશ છે.)
નામાંકિત-પ્રખ્યાત.
પૌત્ર-છોકરાનો છોકરો.
નિરાધાર-આધાર વગરનાં.
ધર્મશાળાઓ-મુસાફરખાના.
ઘોરી-સરીઆ.
ચોતરા-ચબુતરા.
આશ્રય-મદદ.
સ્તંભો-થાંભલા.
મૂળતત્વો-મૂખ્ય સિદ્ધાંતો.
કાયમ-હયાત.
લેખ-લખાણ.
લિપિ-બાષા.
મુખ્યત્વે-ઘણું કરીને.
હિંસા-હત્યા.
શ્રમણો-સાધુ.
સદાચાર-સારી ચાલચલગત.
ઉડાઉ-ગેરવાજબી રીતે ખરચાળ.
હિત-કલ્યાણ.
મત-ધર્મ; પંથ.
વખોડ્યો-નિંદ્યો.
વૃતાંત-હેવાલ.
લાડી-વહુ.

ટૂંક વાકયો.

લંકાની લાડીને ઘોઘાનો વર—સિંહલદ્વીપની કન્યાને ઘોઘાનો વર.

ટૂંક નોંધ.

અશોક, ચંદ્રગુપ્તનો પૌત્ર, ઇ. સ. પુર્વે ત્રીજા સૈકામાં મગધ દેશનો રાજા થઈ ગયો. તે મૌર્યવંશનો હતો. તે બૌદ્ધ ધર્મ પાળતો હતો. તે દયાળુ, પરોપકારી, ધર્મિષ્ટ અને પરાક્રમી હતો. તેણે પોતાનું રાજ્ય નીતિથી અને ડહાપણથી ચલાવ્યું છે. તેણે બૌદ્ધ સાધુઓની મોટી સભા ભરી અને ઉપદેશ કરવા પરદેશ

સાધુઓ મોકલ્યા. બુદ્ધ ધર્મના મૂળતત્વો પત્થરના સ્તંભો ઉપર કોતરાવ્યા. કેટલાક લેખો હજુ કાયમ છે. એક લેખ ગીરનાર પર્વતની તળેટીમાં છે.

બૌદ્ધધર્મના મૂળતત્વો એ છે કે કોઈએ પશુની હિંસા કરવી નહી; વડીલોની આજ્ઞા માનવી; કોઈની નીંદા કરવી નહી; સદાચાર પાળવો અને પળાવવો; નીતિમાન થવું; પોતાનો મત બીજા પાસે પળાવવાને જરૂર પાડવી નહી; અને પારકા ધર્મને વખોડવો નહી.

પાઠ ૩૪ મો. રાણી રૂપસુંદરી.

ઘેરોઘાલ્યો–ચોગરદમ લશ્કર ગોઠવી દીધું.
નિર્ભય–ભય વગરનું.
સામેલ–ભેગી.
દુર્ભાગ્યે–કમનશીબે.
કાળથશે–મૃત્યુ થશે.
અણીને વખતે–ખરીનકે; આખર ઘડીએ.
ડુમો–કોઈ જોડે બોલતાં બીકથી છાતી ધડકવીતે.
સમ્યાપછી–શાંત થયા પછી.
આધીન–તાબે.
સલાહ–અભિપ્રાય.
વિઘ્ન–હરકત.
કોઠી કરવી–ગળેબાઝીને.
ગદગદકંઠે–ગળગળા અવાજે.
અણધારી–ઓચીંતી.
આફત–વિપતી
આભાર–પાડ.
વાસ–રહેઠાણ.
પ્રસવ્યો–જન્મ્યો.
નમન કર્યું–પગેલાગી.
અપાસરો–શ્રાવકનું મંદીર.
ફોજ–લશ્કર.
સુખચેનમાં–આનંદમાં.

ટૂંક વાકયો.

તેમની પાછળ સતી થઈ—તેની પાછળ જીવતાં બળી મરી. તેને બહુ લાગ્યું—મન બહુ દુખાયુ. આફતની મારી અહીં આવીચઢી છું—વિપત્તિને લીધે અહીં મારૂં આવવું થયું છે. મને સુઝતું નથી—મને ખબર પડતી નથી.

ટૂંક નોંધ

રૂપસુંદરી ગુજરાતના રાજા જયશીખરીની રાણી થતી હતી. તે ઘણી રૂપાળી અને નીતિમાન હતી જ્યારે ભૂવડે પંચાસરને ઘેરો ઘાલ્યો અને રાજાએ જીતવાની આશા છોડી, ત્યારે પોતાના સાળા સુરપાળને બોલાવી, રાણી રૂપસુંદરી કે જે તે વખતે ગર્ભવંતી હતી તેને જંગલમાં મુકી આવવાને કહ્યું. રાણીએ ક્ષત્રીપણું દાખવી આપ્યું અને પોતાના પતિ પછવાડે સતી થવાને પસંદ કર્યું પણ તેનો ભાઈ તેને સમજાવી જંગલમા મુકી આવ્યો. ત્યાં તેને કોઇ ભીલડીએ મદદ કરી અને વનમા તેને પુત્રનો પ્રસવ થયો. કોઈ જતી રાણીને અને રાજકુંવરને અપાસરે લઈ ગયો. રાજકુંવરનું નામ વનમાં જન્મ્યો માટે વનરાજ પાડયું. ધીમે ધીમે લુંટ કરી વનરાજે લશ્કર ભેગું કર્યું અને છેવટે ગુજરાત ભૂવડ પાસેથી જીતી લીધુ અને પોતાની વહાલી માતાને સુખી કરી.

પાઠ ૩૫ મો શ્રી દેવીને ચાંપો.

બહારવટું–જંગલમાં રહી ગામડાં લુંટી લેવાં તે

કોઠલો–દહી દુધ મુકવાને નાંટીનો કોઠો.

થીજેલું–ઠરેલું.

રેખા–લીટીઓ.

પંજો–હથેલી અને આંગળીઓ મળીને થતો હાથનો ભાગ.

ખોળ–શોધ.

ઇરાદો–ઇંતેજારી.

કામઠું–ધનુષ.

ઉમળકો–હોંસ.

ખાતર–ચોરી કરવા માટે ચોર લોકોએ પાડેલું બાકોરું.

કરમાયુ–લેવાયું.

આરોપ–તહોમત.

અનુમાન–ધારણા, અટકળ.

કલ્પના–અટકળ

તિલક–ટીલું.

ટૂંક વાકયો.

વનરાજનું મોંકરમાયું—વનરાજના મોં ઉપર દીલગીરીની

છાપ દેખાઇ. રાજતિલક તેને હાથે કરાવી—રાજ્યાભિષેક વખતે ટીલું તેની પાસે કરાવી.

ટૂંક નોંધ.

વનરાજ તેની મા સાથે વનમાં ઉછર્યો. બહાર વટું કરી પૈસા તથા ફોજ એકઠી કરી કલ્યાણીના રાજા ભુવડને હરાવી પોતાના બાપનું રાજ્ય પાછું સંપાદન કર્યું. વનમાં કોઇકોઈ વખતે તો ખાવા પીવાની પણ અડચણ પડતી. એક વખતે વનરાજે ચાપા નામના શેઠીઆનેઘેર ચોરી કરી અને કોઠલામાં હાથ ઘાલતા થીજેલા ઘી ઉપર હાથનો પંજો પડયો. ચાપાની પુત્રી શ્રીદેવીએ વનરાજનો પંજો ઓળખ્યો અને પોતાના પિતાને વનરાજની ખોળમા મોકલ્યો. વનરાજ જંગલમાં મળ્યો અને તેને ચાંપાએ તથા તેની પુત્રી શ્રીદેવીએ પૈસાની તેમજ બીજી રીતે મદદ કરી. જ્યારે વનરાજ ગાદીએ બેઠો ત્યારે તેણે ચાપાને પ્રધાન બનાવી અને શ્રીદેવીને બેન ગણી તેને હાથે રાજતિલક કરાવી તેમનો કરેલો બદલો પાછો વાળ્યો. બાળાઓ જ્યારે કોઇપણ સ્નેહી તથા સંબંધી આફતમાં આવી પડે ત્યારે પોતાનાથી બનતી મદદ કરવી તે ઇશ્વરી ફરજ છે.

પાઠ ૩૬ મો. રાણકદેવી.

જુનાગઢ—ગીરનારપાસે એક શહેર છે.
જોષી—જ્યોતિષવિદ્યા જાણનાર.
માગું—કહેણ; માગણી.
પદ્મની—ઉત્તમ વર્ગની સ્ત્રી.
મુદત—વખત.
શોભા—મણા.
ખાંડું—તરવાર; રાજાઓ કેટલીક વખતે પરણવાને તરવાર મોકલે છે તે.
બળાત્કાર—જોરજુલમ.
મા—નહી.
ખોય—ખોડ, ખાંપણ.
કાવતરાખોર—દગાબાજ.

ટૂંક વાક્યો.

સિદ્ધરાજ સામે તમે કંઈ પગલા ભરશો, તો તે તમને અને મને ખરાબ કરશે—સિદ્ધરાજ વિરૂદ્ધ તમે કંઈપણ કાર્ય કરશો તો તે તમને અને મને બન્નેને પાયમાલ કરશે. માણેરાતું મરોય, મકર આંખો રાતીઓ; કુળમાં લાગે ખોય, મરતાં માન સંભાળીએ—હે માણેરા, તું રોતો નહી અને આંખો લાલ કરતો નહી. જો મરતાં મરતાં માને સંભાળીએ તો વંશમાં બટ્ટો લાગે. ખોદે તે પડે—જે કોઇ બીજાને નુકશાન કરવા ઉપાય લે તેને પોતાને તેજ ઉપાયથી નુકશાન થાય.

ટૂંક નોંધ.

રાણકદેવી જુનાગઢના રાજા ખેંગારની રાણી અને સિંધ દેશના રાજાની પુત્રી થતી હતી. તેના જન્મ વખતે જોષીએ ભવિષ્ય ભાખ્યું હતું કે જે તેને પરણશે તેનું રાજ્ય જશે. તેથી તને વનમાં રાજાએ મોકલી દીધી. ત્યારપછી કોઇ કુંભારે તેને ઉછેરી મોટી કરી. કચ્છના લાખા ફુલાણીએ પરણવાનું માગું મોકલવાથી તે કુંભાર મજેવડી ગામમાં આવીને રહ્યો. રાણકદેવી ઘણી રૂપાળી અને પદ્મની હતી તેથી સિદ્ધરાજે તેને પરણવાને માગું મોકલ્યું. પણ એટલામાં જુનાગઢનો રાજા રાખેંગાર તેને પરણી ગયો. તેથી સિદ્ધરાજે જુનાગઢને બાર વરસ સુધી ઘેરો ઘાલ્યો અને આખરે કિલ્લો જીતી લઇ રાખેંગારના ભાણેજની મદદથી રાજમહેલમાં પ્રવેશ કર્યો. રાણીના એક દીકરાને તેણે મારી નાખ્યો અને રાણીને તેની જોડે પરણવા બહુ સતાવી તેમજ લલચાવી. પણ છેવટે રાણી વઢવાણ આગળ સતી થઇ. મોટી આફત આવી પડતા તેમજ અનેક લાલચો હોવા છતાં રાણકદેવી સિદ્ધરાજની મરજીને તાબે થઈ નહી અને એકટેક અને એક પતિવ્રતપણાની ખાતર રાખેંગારની પાછળ સતી થઇ. એક ચિત્તથી પોતાનો સર્વસ્વ પ્રેમ પોતાના પતિને અર્પણ કરી

તેની મરણપર્યંત સેવા કરવી એ આ દુનીઆમાં સ્ત્રીઓની જીંદગીનું ખરેખર સાર્થકપણું છે.

પાઠ ૩૭ મો. ભોળો ભીમ અને પૃથ્વીરાજ.

સગીર—નાની.
દિલ્હી—જમના નદીઉપર શહેર છે. અસલ તે રજપુત અને મુસલમાનોની રાજધાની હતી. હાલ ત્યાં દરબાર ભરવામાં આવ્યો હતો અને હાલની રાજધાનીનું શહેરછે.
તલપ—ઝુંટ.
ઝઝુમી—તલપી.
ધૂળબત્તા—નજીવી.
મુરાદ ઇચ્છા.
કુસંપ—અણબનાવ.
ખુવાર થયા—પાયમાલ થયા.
દૃષ્ટાન્ત—દાખલો; ઉદાહરણ.
ખુબસુરત—દેખાવડી.
હાડોહાડ—રૂંવે રૂંવે
ડંકો—નગારૂં; ઢોલ.
જય—જીત.
કોપે—ગુસ્સે.
એકમત—સંપ.
અપમાન—માનભંગ.
કંમર બાંધવી—લડવું.
પ્રસંગ—વખત.
તા—મુછે હાથ નાખવો તે.
અંકુશ—હાથીને વશ રાખવા અણીદાર હથીઆર.
સાંભર—સાંભર સરોવરનો આગળનો મુલક.
ત્રિશુળ—ત્રણ પાંખાળું હથિઆર.
આવેશ—ગુસ્સો.
પરાજય-હાર.

ટૂંક વાકયો.

તલપ મારવા ઝઝુમી રહ્યા હતા—ચઢાઈ કરવા ટમટમી રહ્યા હતા. આવેશમાં આવી જવાબ દીધો—ગુસ્સે થઈ જવાબ દીધો.

ટૂંક નોંધ.

સોલંકી વંશનો છેલ્લો રાજા બીજો ભીમસેન ઈ. સ. ૧૧૭૮માં પાટણની ગાદીએ બેઠા. તે ઇતિહાસમાં ભોળો ભીમ એ નામથી ઓળખાય છે. તે વખતે પૃથ્વીરાજ ચોહાણ દીલ્હી અને

અજમેરનો રાજા હતો. તે અરસામાં મુસલમાનો હિંદુસ્તાન જીતવા ટમટમી રહ્યા હતા. આબુ ગઢના જેતસીપરમારની કન્યા ઇચ્છિની ઘણીજ ખુબસુરત અને ફૂટડી હતી. તેનું સગપણ પૃથ્વીરાજ જોડે કર્યું હતું પણ ભીમદેવે માગું મોકલ્યું. અંતે વેર થયુ અને ભીમદેવે ચઢાઇ કરી જેતસી ઉપર જય મેળવ્યો. ત્યારપછી ભોળાભીમે પૃથ્વીરાજઉપર વેર લેવા અજમેર ઉપર ચઢાઈ કરી. પણ શૂરા પૃથ્વીરાજે એકી વખતે મુસલમાનોને અને ભીમદેવને હરાવી નસાડયા. ફરીથી પૃથ્વીરાજના પિતા સોમેશ્વરે ગુજરાત ઉપર ચઢાઈ કરી તેમાં સોમેશ્વર મરાયો પૃથ્વીરાજે પોતાના બાપનું વેર લેવા ગુજરાત ઉપર ચઢાઈ કરી તેમાં ભીમદેવનો પરાજય થયો અને ગુજરાતની ગાદી નબળી પડી ગઈ. બાળાઓ, કુસંપથી રજપુતો અંદર અંદર મરાયા, અને બેની લડવાડમાં મુસલમાનો ફાવ્યા અને અંતે મુસલમાનો દીલ્હીપતિ થયા. જ્યાં કુસંપ થાય છે ત્યા નાશ થાય છે. કહેવત છે કે જ્યા સંપ ત્યા ઝંપ. તે કહેવત પ્રમાણે જે લોકો દુનીઆમાં હળીમળીને ચાલે છે તે લોકો શાંત જીંદગી ભોગવી સુખી થાય છે; માટે બને ત્યાં સુધી તો કોઇની જોડે ન કામું વેર બાંધવું નહી.

પાઠ ૩૮ મો. કરણઘેલો.

વાઘેલા—વંશનું નામ છે.
વેરાનકીધો—ઉજડ કર્યો
અણહીલવાડ—પાટણ, ઇ. સ. ૭૪૬મા વનરાજે વસાવી અણહીલ નામના ભરવાડ ઉપરથી તેનું નામ અણહીલ પાડયુ.
શરણુ—આશરે.
આજીજી કીધી—કાલાવાલા કર્યાં
ભંડાર—ખજાનો.
જનાનખાનામાં—સ્ત્રીઓને રહેવાની જગામા.
માનીતી—વહાલામાં વહાલી.
બેગમ—રાણી (મુસલમાનો રાણીને બેગમ કહે છે.)
આપોઆર—પોતાની મેજે.
સર કરવુ—જીતવું.
મલેકકાફુર—ગુલામનું નામ છે. ખંબાતની લૂંટમાં તેને અલાઉદ્દીને પકડયો હતો.)

મેન-યુક્તિ.	કલંક બગે.
માનભંગ-અપમાન.	સ્વાધીન-કબજે.

ટૂંક વાકયો.

એકલો છુટે હાથે નાશી ગયો—એકલો કઈ લીધા વગર નાશી ગયો મેતવાર પડયો નહી—યુક્તિ સફળ થઇ નહી. કરણના ભાગ્યમાં માનભંગનો પ્યાલો કલંક પહોંચતા સુધી પીવાનું સરજ્યું હતું—કરણના નસીબમા અપમાન સહન કરવાનું જીવે ત્યા સુધી સહન કરવા વિધિએ નિર્માણ કર્યું હતું.

ટૂંક નોધ.

કરણવેલો પાટણની ગાદીએ છેલ્લામાં છેલ્લો વાઘેલો રજપુત રાજા થઈ ગયો. તે ઇતિહાસમા " કરણઘેલો " એ નામથી ઓળખાય છે કારણ કે તેની રીતભાત સારી ન હતી અને કેટલાંક કાર્યો ગાડાઈ ભરેલા હતા. પોતાના પ્રધાન માધવની સ્ત્રી જોઈને તે એટલો બધો તો કામાંધ બન્યો કે માધવને દુર દેશ મોકલી દીધો અને માધવની સ્ત્રીને રાજ્યમહેલમાં લાવવા લશ્કર મોકલ્યુ. તેમા માધવનો ભાઈ કેશવ પોતાની ભાભીનુ રક્ષણ કરતા મરાયો. આ વાતની ખબર પડતા માધવ દીલ્હી જઇ દીલ્હીના બાદશાહ અલાઉદ્દીનને ગુજરાત ઉપર સ્વારી કરવા ભંભેર્યો. અલાઉદ્દીને મોટું લશ્કર મોકલ્યું અને કરણ બાગલાણના કીલ્લામા ભરાયો. તેની રૂપાળી રાણી કૌળાદેવી કેદ પકડાઇ અને છેવટે અલાઉદ્દીનની માનીતી બેગમ થઇ પડી. જ્યારે મલેક કાફુરને દક્ષિણ દેશ ઉપર સ્વારી કરવા મોકલવામા આવ્યો ત્યારે કૌળાદેવીએ કરણથી થયેલી છોકરી દેવળદેવીને દીલ્હી લાવવા અલાઉદ્દીનપાસે માગણી કરી. કાફુરને તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો. કરણે પોતાની વહાલામા વહાલી કુંવરીને આ વાતની ખબર પડતાં દેવગઢના મરાઠા રાજા જોડે નીચા કુળને લીધે પોતાની મરજી વિરૂદ્ધ પરણાવી દીધી. એકવાર ફરીથી દેવગઢના રજપુતો અને મુસલમાનો

વચ્ચે લડાઈ થઈ. તેમાં રજપુતો હાર્યા અને દેવળદેવીને દીલ્હી લઇ ગયા. બાળાઓ, જે કાર્ય કરવુ તે વિચાર કરીને કરવું કે જેથી પાછળ પસ્તાવુ પડે નહી.

પાઠ ૩૯ મો. અહમદશાહ.

દુરાચરણી–ખરાબ રીત ભાતનો	સરહદ–છેવટની હદ.
બંડ–હુલ્લડ.	વસુલાત–જમાબંધી.
પંડે–પોતે.	આબાદી–ચઢતી.
ઇલકાબ–ખિતાબ.	અમદાવાદ–સાબરમતી નદીને કાંઠે આવેલું શહેર.
શાણુ–ડાહ્યા.	પ્રવાહ–વહેણ.
પશ્ચાતાપ–પસ્તાવો.	ખ્યાતિ–નામના.
ચોર–પાણી.	અદ્યાપિ–હજુસુધી.
વાટપાડુ–રસ્તે લુંટી લેનાર.	ઓરસ–મેળો.
કાસુળ–નાશ.	

ટૂંક વાકયો.

કાસળકાઢી—નાશ કરી. એવી આશામા તેનો કાળ થયો—આવી ધારણામાં તેનું મૃત્યું થયું.

ટૂંક નોંધ.

કરણઘેલો નાઠો ત્યારપછી ગુજરાતમાં દીલ્હીના પાદશાહો નીમેલો સુબો અમલ ચલાવતો. જ્યારે દીલ્હીના પાદશાહો નબળા પડયા ત્યારે કરણઘેલાનું રાજ્ય ગયા પછી સુમારે સો વરસે મુઝફ્ફર નામનો સુબો સ્વતંત્ર થયો. તેને અહમદ નામે પાત્ર હતો. તેણે લોભથી મુઝફ્ફરને ઝેર દીધું અને પોતે બાદશાહ થયો. તે ડાહ્યો, ન્યાયી અને બહાદુર હતો. તેને તેની આખી જીંદગી પોતાના કાર્ય માટે ઘણો પસ્તાવો થયો. તેણે રાજમાં ઘણા સુધારા કર્યા અને લોકનો માનીતો થઈ પડયો. તેણે લુંટારાઓનું કાસળ કાઢયું,

કિલ્લા બાંધ્યા અને વસુવાત ખાનામાં સુધારો કર્યો. તેણે અમા- વળમાંથી આશા ભીલ નામના લુંટારૂને કાઢી મુક્યો અને તે જગાએ એક શહેર વસાવ્યું. તેના નામ ઉપરથી તે શહેરનું નામ અમદાવાદ પડયું. શહેરમાં ભદ્રનો કિલ્લો, જુમા મસીદ, કાક- રીઉં તળાવ, માણેક ચોક વિગેરે જોવાલાયક સ્થળો છે. અમદા- વાદ એક આબાદ અને વેપાર ઉદ્યોગને માટે જાણીતું શહેર છે.

પાઠ ૪૦ મો. વરાળ, ધુમસ, ઝાકળ, વાદળાં, વરસાદ વગેરે.

વરાળ–બાફ.

સામટી–એક ફેરે

જથાબંધી–પુષ્કળ

પસરી ગઈ–ફેલાઈ ગઈ.

નિરંતર–હંમેશાં.

ઘટ–જાડી.

ધુમસ–ધુમાડાના જેવી વરાળ.

ઝાકળ–ઠંડીથી હવામાંની વ- રાળનાં પાણીનાં ટપકાં થવાં તે.

મોતીઆ–મોતીદાણા જેવાં ટપકાં.

વિખેરાઈ–છુટા પડી જઈ.

વાદળાં–વરાળનો જથો.

કરા–બરફના નાનાનાના ગાંગડા.

ટૂંક વાકયો.

પાણીનું રૂપ પકડે—પાણી થઈ જાય. પાણી બંધાઈ જાય— પાણી ઠરી જાય.

ટૂંક નોંધ.

વરાળ, ધુમસ, ઝાકળ, વાદળાં, વરસાદ, કરાને બરફ એ સૌ પાણીનાં જુદાં જુદાં રૂપ છે. પાણીને ગરમી લાગવાથી પાણીની વરાળ થઈ જાય છે. વરાળ હવા કરતાં હલકી છે, તેથી તે ઉંચે ચડે છે અને તેનાં વાદળાં બંધાય છે. વાદળાંને ઠંડી લાગવાથી વરાળનું પાણી થઈ જાય છે. હવા પાણી નહી ઝીલી શકવાથી પાણી વરસાદ રૂપે નીચે પડે છે. જો ટાઢ અતિશય હોય તો પાણી

ઠરી જઇને વરસાદને બદલે કરા પડે છે હવામાંની ગરમી ઘટે ત્યારે હવા ઘટ થાય અને વરાળ આપણી નજરે પડે છે. શીઆળાની ટાઢમાં ધુણીના ગોટા જેવી વરાળ તળાવની સપાટી ઉપર દેખાય છે તે ધુમસ કહેવાય છે. હવામાંની વરાળને ટાંઢી લાગવાથી ઘાસના પાદડા ઉપર મોતીના દાણા જેવાં ટપકાં દેખાય છે તે ઝાકળ કહેવાય છે.

પાઠ ૪૨ મો. પૃથ્વી, તેનો આકાર, કદ અને રાત દિવસ થવાનું કારણ.

પહાડ–પર્વત.
ટોચ–શીખર.
સઢ–કંતાન કે જાડા કપડાનો લાંબો કકડો કે જેમાં પવન ભરાવાથી વહાણ જલદી ચાલી શકે છે તે.
સપાટ–સીધો.
સપાટી–હર કોઇ પદાર્થનો ઉપલો ભાગ
ઉલટી–સામી.

ટૂંક વાકયો.

ઉલટી દિશામાં જતાં જણાય છે–વિરૂદ્ધ દિશામાં જતા હોય તેવાં દેખાય છે.

ટૂંક નોંધ.

આપણે જે પૃથ્વી ઉપર રહીએ છીએ તે પૃથ્વી ગોળ છે. તે એક છેડાથી બીજા છેડા સુધી ૮૦૦૦ માઈલ લાંબી છે. દીવસ અને રાત મળીને ૩૦૦ માઈલ ચાલનારી આગબોટને પૃથ્વીની સપાટીપર એક ફેરો કરવાને પોણા ત્રણ મહીના લાગે એવડી પૃથ્વી મોટી છે પૃથ્વી તેની ધરી ઉપર ફરે છે. એક ફેરો ફરતાં તેને ચોવીસ કલાક લાગે છે. પૃથ્વી ગોળ છે તેથી સુરજનું અજવાળું અડધા ભાગપર પડે છે, અને અડધા ભાગમાં અંધારું હોય છે. જયાં અજવાળું હોય છે ત્યાં દીવસ હોય છે. જયાં અંધારૂં હોય

છે ત્યા રાત હોય છે પૃથ્વીને પોતાનું અજવાળું હોતું નથી, અને તેને ધરીઉપર ફરતા ચોવીસ કલાક લાગે છે માટે બાર કલાક દીવસ હોય છે અને બાર કલાક રાત હોય છે.

પાઠ ૪૨ મો. પૃથ્વીની વાર્ષિક ગતિ અને ઋતુઓ.

વાર્ષિક—વરસની.
ગતિ—ચાલ.
ઋતુઓ—મોસમો
આર—ઝીણી અણી.
જ્યોત—સળગતો કાકડો.
કિરણ—સીધી લીટીમાં રહીને પડતો પ્રકાશ.

ટુંક નોંધ.

પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે તેજ વખતે સૂર્યની આસપાસ ફરે છે. આપ્રમાણે પૃથ્વીને બે ગતી હોય છે. પૃથ્વી એક જરા વાંકી રહીને સુરજની આસપાસ વરસમાં એક ફેરો મારે છે. એક ફેરો માગતાં જેટલો વખત લાગે છે તેટલા વખતને આપણે વરસ કહીએ છીએ. જે ભાગ ઉપર સુરજના કિરણો સીધાં પડે છે તે ભાગમા ઉનાળો હોય છે, અને જે ભાગમા વાકા કિરણો પડે છે તે ભાગમા શીઆળો હોય છે. જ્યારે પૃથ્વીના એક છેડા ઉપર ઉનાળો હોય છે ત્યારે બીજા છેડા ઉપર શીઆળો હોય છે. જ્યારે ઉત્તર છેડો સુરજ તરફ નમેલો હોય છે ત્યારે ઉત્તરના અર્ધા કરતાં વધારે ભાગ ઉપર સુરજનું અજવાળુ પડે છે એટલે ત્યા દહાડો લાંબો હોય છે અને રાત ટુંકી હોય છે. શીઆળામાં એથી ઉલટું બનેછે. પૃથ્વી સૂર્ય પાછળ ફરે છે તેથી કરીને ઋતુઓ અને લાંબા ટુંકા દહાડા થાય છે. માર્ચની ૨૧ મી અને સપ્ટેંબરનીર૩મી તારીખે રાત દહાડાની લંબાઇ સરખી હોય છે. જુનની ૨૧ મી તારીખે લાંબામાં લાંબો દિવસ અને ડીસેમ્બરની ૨૧ મી તારીખે ટુંકામાં ટુંકો દીવસ હોય છે.

પાઠ ૪૩ મો. ઋતુઓનું વર્ણન.

હેરાન થશો–દુઃખી થશો.
કરાંઠી–તુવેર, કપાસ વિગેરેના સુકા છોડ.
ખુપરા–ભોયમાં દટાયલા સૂકા સોંઠા.
કાટા–કાસ.
કાંસ–પાણી જવાનો માર્ગ.
ખાતર–કોહી ગએલો કચરો.
ખરીફ–ચોમાસામાં વવાતાં ધાન્ય.
વાળણી–રોપણી.
કરાંતી–રાંપડી.
નીંદી–ઉખેડી.
હેલી–લાગલાગટ વરસાદ વરસવો તે.
ગોંધાઈ રહે છે–ભરાઈ રહે છે.
નિરાંત–શાંતિ.
માફકસર–જોઈએ તેટલો.
તીડ–એક જાતનાં તપખારીઆ રંગના જીવડાં.
ધમાલ–ધામધુમ.
રવિપાક–શિયાળુ પાક.
ખળી–કણસલામાંથી અનાજ છુટું પાડવાની જગ્યા.
કડબ–જુઆરના પુરા.
સરકારધારાના–મહેસુલના.

ટૂંક વાકયો.

પક્ષીઓ ગોંધાઈ રહે છે–પક્ષીઓ ભરાઈ રહે છે. જીવને નિરાંત મળે છે–જીવને શાંતિ થાય છે.

ટૂંક નોંધ.

ઋતુઓ ત્રણ છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું. ચોમાસામાં વરસાદ પડે છે; ખેડૂતો જમીન ખેડે છે અને અનાજ વાવે છે. મુખ્યત્વેકરીને બાજરી, જુવાર, કોદરા, બાવટો, ડાંગર, તલ વિગેરે વાવે છે. તળાવ, નદીઓ અને સરોવરો છલોછલ ભરાય છે; લોકો હોડીઓમાં બેસી સહેલ કરે છે. ગુલાબ, ચંપો, ચંપેલી, જુઈ વિગેરે ફુલો ખુબ ખીલે છે. જયાં ત્યાં લીલોતરી જોવામાં આવે છે અને પક્ષીઓ કલ્લોલ કરી મુકે છે. સર્વ ઠેકાણે આનંદ આનંદ થઇ રહે છે. ચોમાસાપછી શીયાળો આવે છે. ખેડૂતો ઘઉં, ચણા, શેરડી વિગેરે વાવે છે; ઠંડી પડે છે;

લોકો ગરમ કપડાં પહેરે છે; ગરીબ લોકોના હોઠ અને પગ ફાટી જાય છે; લોકો વસાણાં ખાઇને જોરાવર બને છે. શિયાળા [illegible] ઉનાળો આવે છે, ગરમી પડે છે; બફારો થાય છે; તળાવ, સરોવર અને નદીઓ સૂકાઇ જાય છે; ઝાડને નવાં પાંદડાં આવે છે; સખત તાપ પડે છે; કેરીઓ, રાયણાં વિગેરે પાકે છે કોયલ ટહુકા કરવા માંડે છે અને ખેડુતો વરસાદની વાટ જુએ છે.

પાઠ ૪૪ મો. મુંબઇ ઇલાકો.

ઇલાકો—ઘણા પ્રાંત મળીને થયેલો દેશ.

એજન્સી—ઘણાં નાનાં નાનાં રાજ્યો મળીને થએલો મુલક.

જિલ્લા—ઘણા તાલુકા મળીને થએલો કલેક્ટરના તાબાનો મુલક.

ખાડી—નદી કે દરીઆનો ભરતીવાળો ભાગ.

પ્રાંત—ઘણા જીલ્લા તથા એજન્સિ મળીને થએલો મુલક.

ગવર્નર—ઇલાકાનો સૌથી વડો અધિકારી.

રાજવહીવટ—રાજકારભાર.

મંડળ—સભા

ખાતર—માટે.

વિભાગ—ભાગના ભાગ.

મંત્રીઓ—કારભારી.

ટૂંક નોંધ.

મુંબાઇ ઇલાકાના મુખ્ય ભાગ સિંધ, કચ્છ, ગુજરાત, ખાનદેશ, મહારાષ્ટ્ર, કોંકણ અને કાનડા છે. આખા ઇલાકાના ઉપરી ગવર્નર સાહેબ છે. જીલ્લાના ઉપરી કલેક્ટર સાહેબ હોય છે તાલુકાના ઉપરી મામલતદાર સાહેબ હોય છે. આખા ઇલાકાનો રાજકારભાર ગવર્નરસાહેબ બે કારભારી મંડળની મદદથી ચલાવે છે. તેમાંનું એક કાયદા બાંધનારૂં છે અને બીજું ઇલાકાનો કારભાર ચલાવનારૂં છે. કારભાર કરનારૂં મંડળ મુંબાઇ સરકારના નામથી ઓળખાય છે. તે મંડળમાં ગવર્નરસાહેબ અને બીજા ચાર કારભારીઓ હોય છે. તેમના હાથ નીચે જુદાં જુદાં ખાતાનું કામ કરનાર પાંચ મંત્રીઓ હોય છે. મુખ્ય ખાતાં મુલકી ખાતું,

ફોજદારી ખાતું, ન્યાયખાતું, વૈદ્યખાતું, હિસાબખાતું વિગેરે છે. તેઓ સર્વ સરકારનાં તાબામાં રહી કામ કરે છે. કાયદા બાંધનારૂં ખાતું કાનુનો ઘડે છે અને અમલમાં મુકે છે.

પાઠ ૪૫ મો. મુંબઇ ઇલાકાની મુસાફરી.

એકસાદે-એક અવાજે.	ચાણોદ-નર્મદા નદીને કાંઠે જાત્રાનું સ્થળ છે.
મજલો-મુસાફરીઓ.	સિદ્ધપુર-સરસ્વતી નદીને કાંઠે જાત્રાનું સ્થળ છે; ત્યાં લોક માતૃ શ્રાદ્ધ કરવા જાય છે તે ગાયકવાડ સરકારને તાબે છે.
આપદા-વિપત્તિઓ.	
ધાડ-લુંટારૂઓની ટોળીઓ.	
એકલદોકલ-એકલાજ.	
ગભરામણ-મુંઝામણ	

ટૂંક નોંધ.

અગાઉ જ્યારે રેલવે ગાડી ન હતી ત્યારે મુસાફરી કરવી ઘણી કઠણ હતી. લોકો પગે ચાલીને જતા અથવા બળદ ગાડીમાં બેસીને અથવા ઊંટ કે ઘોડા ઉપર સ્વારી કરીને મુસાફરી કરતા એકલ દોકલથી મુસાફરી થઈ શકતી ન હતી, કારણ કે રસ્તામાં ધાડપાડુઓની ધાસ્તી રહેતી. હવે તો મુસાફરી બહુ સહેલી થઈ પડી છે. આગગાડીથી મુસાફરી ઘણા ટૂંક વખતમાં અને થોડા ખરચમાં કંઇ જોખમસીવાય થઇ શકે છે. ચોરીની ધાસ્તી રહેતી નથી તેમજ આપદાસીવાય મુસાફરી થઈ શકે છે ખાવાપીવાની પણ કેટલાંક મોટા સ્ટેશનોઉપર સગવડ હોય છે.

પાઠ ૪૬ મો. અમદાવાદ અને મુંબાઇ.

સરખામણી-મુકાબલો.	તફાવત-ફેર.
વાકેફગાર-જાણીતાં.	તરેહવાર-જુદીજુદી જાતનો.
પ્રશ્ન-સવાલ.	ભાતભાતનાં-અનેક તરેહનાં.
સગવડવાળા-સગવડવાળાં.	છક-દીંગ.

બારૂં-બંદર; જ્યાંવહાણો રહેતે.
હજીરો-કબર.
રોજો-કબર.
દીવાદાંડી-વહાણોને ખડકની ખબર આપવા દરીઆ કાંઠે ઉંચો મિનારો કરી તેમાં ફરતો દીવો રાખે છે તે.
ટંકશાળ-નાણું પાડવાની જગા
ગોદી-જ્યા વહાણ જમાં કરઆવે છે તે જગા.

ટૂંક વાકયો.

હું તો છકજ થઇ ગઇ—હું તો દીંગ મૂઢ બની ગઇ.

ટૂંક નોંધ.

મુંબાઈ અમદાવાદ કરતાં ઘણું મોટું અને સુંદર શહેર છે. તે મુંબાઈ ઇલાકાનું મુખ્ય શેહેર છે. મુંબાઈ શહેરમા સુશોભિત મોટા પત્થરોના મકાનો બાંધેલાં છે. રસ્તાઓ મોટા અને ફરસબંધી છે. ત્યાં વીજળીથી ટ્રામ ચાલે છે અને ઘણા રેલ્વે સ્ટેશનો છે. દર પાંચ પાંચ મિનીટે લોકલ ગાડીઓ દોડે છે ત્યાં ઘણ બજારો આવેલા છે. દુનીઆના સર્વ દેશોનાં સુશોભિત સફાઇ બંધ માલ આવેછે, તેમજ દુનીઆના સર્વ દેશોના લોક ઘણું કરીને ત્યા દેખાય છે. વેપાર ધંધો ઘણોજ સારો ચાલે છે. ત્યા ઘણી ગોદીઓ છે અને મુંબઇથી મોટી મોટી આગબોટો દુનીઆના બીજા દેશોમા ઉપડે છે અને બીજા દેશોમાંથી આવે. ત્યાં વણવાકાંતવાની ઘણી અને મોટી મોટી મીલો છે. ત્યા જોવાલાયક સ્થળો ઘણાં છે. વિક્ટોરીઆ બાગ, બોરીબંદર સ્ટેશન, વાલકેશ્વર, મહાલક્ષ્મી, ગોદી, દીવાદાંડી, ટંકશાળ, રાજાબાઇ ટાવર, હાઇકોર્ટ અને બીજાં ઘણા મકાનો જોવાલાયક છે. આમદાવાદ મુંબાઈ ઇલાકામાં બીજે નંબરે છે. ત્યાપણ મીલો છે અને વેપાર ઘણો સારો ચાલે છે. જોવાલાયક સ્થળો જુમામસીદ, રાણીનો હજીરો, ત્રણ દરવાજા, ભદ્ર, કાંકરીઉં તળાવ, શાહઆલમનો રોજો, સરખેજનો રોજો, શાહી બાગ વિગેરે છે

પુસ્તક પહેલું—ભાગ ૩ જો.

પાઠ ૪૭ મો. શારદાનો સાળુ.

સાળુ-બૈરાંને પહેરવાનો લાલ, પીળા લીલા રંગનો સાલ્લો.
ચાપડો-સોઢાનો પાટો.
સાવચેતી-સંભાળ.
ભોક-કાણું.
કસુર-ભુલ.
ઉપસેલો-ઉપર તરી આવેલો.
આડું આવળું-આગળ પાછળ.
તુણી લેવું-ભોકને કપડાના જેવા દોરાથી ભરી લેવું તે
ખડ-ઓરડો.
થીંગડું-ફાટેલા લુગડા ઉપર લગાડેલો કકડો.
કાપલાકુપલી નકામા પડેલા કકડા
સંગ્રહ-સંઘરો.
અંગુઠી-સોય ના ભોંકાય તે માટે ટોપી પહેરે છે તે.
વળ-જાત.
ઓટવું-સરખું વાળીને બખીઆ દેવા.
ફાંટ-દુર દુર ટાંકા મારવા તે.
ફલેનલ-બનાત.

ટૂંક વાકયો.

તેના સાળુને કંઈ થાત નહી—તેના સાળુને કંઈ નુકશાન થાત નહી. મને બહુ લાગે છે—મને બહુ દીલગીરી થાય છે. રીસ ઉતરી ગઈ—ગુસ્સો જતો રહ્યો. કામ કરતાં રૂવેરૂવ જીવ રાખવે જોઈએ—કામ કરતાં ખાસ પુરતું ધ્યાન રાખવું જોઈએ.

પાઠ ૪૮ મો. શારદાને સીવતાં કેમ આવડયું.

(ભાગ ૧ લો)

વાદે સરખામણીએ.
પાલવે-પરવડે.
ઓશિઆળાં-તાબેદાર; બીજા ઉપર આધાર રાખવો પડે તેવાં
આંતર સેવા જો કપડું લાંબું પડતું હોય તો જોઈએ તેટલું વાળીને દોરા દેવો તે.
આંટે-આંટીએ ખવડાવે.
ફતેહ-જય.
વાઢવાળી-ધારવાળી.

ટૂંક વાક્યો.

પોતાને હાથે સારી સોય બેઠી હોય—સારૂં સીવવાં હાથ ટેવાઈ ગયો હોય. દરજીને આંટે એવું—દરજીની જોડે હરીફાઈ થઈ શકે એવું.

પાઠ ૪૯ મો. શારદાને સીવતાં કેમ આવડયું.

(ભાગ ૨ જો)

સાધન—સામગ્રી

તંગ—ખેંચાય તેવું; બંધ બેસતું નહી તે.

વરે—ખપે.

દેખાવ—શોભા.

સહેજસાજ—થોડું ઘણું.

ખુલતું—ઢીલું.

ચીંદરડીઓ—લાંબી પટીઓ.

મગજી—કપડાને છેડે ગોળ કીનારી દેછે તે.

સંઘરી રાખવાં—એકઠાં કરી રાખવાં.

પાઠ ૫૦ મો. શારદાને સીવતાં કેમ આવડયું.

(ભાગ ૩ જો)

આંકા—નિશાનીઓ.

આંટીઓ—ગુંછળાં.

કાંસકી—કાંસકીના ઘાટના કાગળના ચાપડા.

મહાવરો—અભ્યાસ.

બખીઆ—પાસેપાસે ઝીણાઝીણા દોરા દેવા તે.

તાછડી—નાની.

ચાંપ—દાબવાની લોઢાની પકડો.

ફાંટ—દુરદુર ટાંકા મારવા તે.

ટૂંકનોંધ

સ્ત્રીઓને સીવતાં ભરતાં અને ગુંથતાં તો આવડવુંજ જોઈએ. હાલની કન્યા શાળામાં સીવતાં, ભરતાં અને ગુંથતા શીખવે છે. આમ હોવા છતાં કેટલીક બાળાઓ તો ખોટા કડાકુટા સમજી આ વિષયમાં ધ્યાન દેતી નથી. જે

બાળાઓ આવું સમજે છે તે ભુલ કરે છે. સ્ત્રીઓને સીવવા ભરવા નીત્રણી જરૂર પડેછે અને જો જાતે આવડતું હોય તો તેમ કરી પૈસાનો બચાવ કરી શકાય છે અને મરજીપ્રમાણે કામ થાય છે. અને ફુરસદના વખતનો સારો ઉપયોગ થાય છે. સીવણ ભરતરનું કામ શીખવાથી અને કરવાથી શારિરીક અને માનસિક કસરત મળે છે અને બીજા ઘણા ફાયદા થાય છે. નાનપણમા ટેવસારી પડે છે અને ફુરસદનો વખત પુષ્કળ હોય છે એટલે શીખી શકાય છે. દરેક બાળાએ એક પેટી રાખવી અને તેમાં દોરા, સોયો, કાતરો, અગુઠીઓ, ફુટપટીઓ, ચાકના અને મીણબત્તીના કકડા અને થીગડાં થીંગડીઓ રાખવી. દરેક બાળાએ સીવતા ભરતાં પહેલાં હાથ સાબુથી ધોઈને સાફ કરવા, ત્યારપછી ચટાઇ પાથરીને બેસવું અને દરેક સામાન ચટાઈમાંજ રાખવો પહેલા સીવતાં બખીઆ દેતાં અને ઓટતાં શીખવુ જોઇએ ત્યારપછી કાગળના નમુના વેતરતા અને ત્યારપછી કપડાં વેતરતા શીખવું જોઇએ. જેમજેમ મહાવરો થાય તેમતેમ કામ ઝટ અને સારૂં થાય છે. ભરતાં પણ ધીમે ધીમે શીખી શકાશે. જ્યારે જ્યારે જરૂર પડે ત્યા ત્યારે બીજાની મદદ લેવી, અને ભુલો સુધારવી. છેવટે તમને દરજીને ટપે તેવું સારૂં સીવતાં વેતરતાં આવડશે. જ્યારે કામ કરી રહો ત્યારે દરેક સામાનને તેની પોતાની જગાએ મુકી દેજો. રખડતો રહેવા દેશો નહિ.

પાઠ ૫૧ મો ગરમીકે ઉષ્ણતા.

ઉષ્ણતા–ગરમી.
ઊકળાટ–ગરમી; બાફ.
ગરમી– ગરમ વસ્તુને અડકવાથી જે લાગણી ઉત્પન્ન થાય છે તે.
પ્રસરે છે–ફેલાય છે.
તીવ્રવાહક–જલદી વહેવડાવનાર.
મંદવાહક–ધીમેથી વહેવડાવનાર.

ટૂંક નોંધ.

ગરમી એ કંઇ પદાર્થ નથી. ગરમ પદાર્થ અડકવાથી જે લાગણી ઉત્પન્ન થાય છે તે ગરમીને લીધે થાય છે પૃથ્વીને સુરજનું અજવાળું મળે છે. સુરજના કીરણો સઘળી બાજુએ સીધાં ફેલાયછે. કીરણોને લીધે હવા ગરમ થાય છે કેટલાક પદાર્થોમા જેમ કે લોઢું, સોનુ, રૂપું વિગેરે ધાતુઓમા ગરમી ઝટ પ્રસરી શકેછે તેવા પદાર્થો તીવ્ર વાહક કહેવાય છે જે પદાર્થોમા ગરમી ધીમેથી પ્રસરી શકેછે તે પદાર્થો મંદવાહક કહેવાય છે.

પાઠ પર મો. બળતણ

ધુણી-ધુમાડો.	અસર-લાગણી
બળતણ-બાળવાના પદાર્થો	

ટૂંક નોંધ

ગરમી સિવાય પ્રાણીમાત્ર જીવી શકે નહી. પ્રાણીમાત્રના શરીરમા નિરંતર ગરમી ચાલુ રહેછે જ્યારે શરીરમાંથી ગરમીનો તદન નાશ થાય છે ત્યારેજ જીવ ગયો એમ આપણે કહીએ છીએ. રાંધવા અને ગરમ કરવા બળતણ વાપરવુ પડેછે. મુખ્ય બળતણ લાકડાં, કોલસા અને છાણાં છે. કોલસા ત્રણ જાતના છે દેવતા ઉપર પાણી છાટવાથી જે કોયલા થાયછે તે એક જાતના, સોની લોકો જે કોયલા બાળે છે તે કોયલા લાકડાને ખાણમા દાટીને સળગાવવાથી ઉત્પન્ન થાય છે તે બીજી જાતના. આ કોયલાનો તાપ સખત હોય છે. ત્રીજી જાતના કોયલા ખાણમાંથી નીકળે છે, તે કોલસા કહેવાય છે. તે કઠણ ભારે અને ચળકતા હોય છે. તે આગગાડી, આગબોટ અને મીલોમા વપરાય છે. તેનો તાપ ઘણોજ સખત હોય છે. તે ઇંગ્લૅન્ડમા બહુ નીકળે છે. જુદીજુદી જાતનાં નવાં બળતણ હવે વિદ્વાન લોકોએ શોધી કાઢ્યા છે. તેમાંનું એક પ્રાઇમસ છે. એ સંચામાથી ગાસલેટનો ગેસ થાય છે અને ગેસ બળવાથી સખત તાપ આપે છે.

પાઠ ૫૩ મો. દુઝણું

દુઝણું-દુઝતી ગાયભેંસ વિગેરે.
મોશાળ-માનું પિએર.
કોઢીઆમાં-ઢોર બાન્ધવાની જગામાં.
ધમપછાડા-તોફાન
બાફણું- કપાશીઆ, ગુવાર વિગેરે ઢોરને માટ બાફે છેતે
રબારણ- રબારીની બાયડી.
નીરી-નાખી.
પાનો-આંચળમાંથી દુધ આવવા દેવું તે.
સેરા-ઝીણીધારો.
ઝપોઝપ-ઝપાટાબંધ.
સેલો-દોહતીવેળા ગાય કુદે નહી તે માટે તેને પાછલે પગે જે દોરડું બાંધે છે તે.
છટકાટું-ખસી જઈને પાટું મારવું તે.
પાટું-ઢોર પાછલા પગે લાત મારે તે.
સોતુ-સાથે.
ડબકાનું-છેલ્લી વારનું.
સ્વાદિષ્ટ-લહેજતદાર.
ઉચીગઈ-દુધ દેતી બંધ થઈ ગઈ.
ટંક-એક વખત.

ટૂંક નોંધ.

દરેક બાળા જાણતી હશે કે નાનાં બચ્ચાંમાના દુધ ઉપર ઉછરેછે. દુધ ઘણો સાત્વિક ખોરાક છે. બાળકો જ્યારે મોટાં થાય છે ત્યારે ગાયનું કે ભેંસનું દુધ ખાય છે. બાળકોને માટે ભેંસના દુધ કરતાં ગાયનું દુધ વધારે માફક સર છે, કારણ કે તે જલદી પચી જાય છે. મોટા માણસો પણ ભેંસનું દુધ ખાય છે. માંદા માણસને તે ઘણું ઉપયોગી છે. બકરા તેમજ ઊંટનું દુધ પણ કેટલીક વખતે કામમા આવે છે. જે ભેંસો તથા ગાયો દુધ દેછે તે દુઝણાં કહેવાય છે અને જ્યારે દુધ દેતાં નથી ત્યારે ઉચી ગયાં કહેવાય છે.

પાઠ ૫૪ મો. વલોણું.

વલોણું-દહીંને વલોવું તે.
ગોરસાં-માટીમાં વાસણો.
રવૈયા-ગોળીઉપર બાંધવામા આવતો વાંસ.

નેતરાં–સુતરનાં પાતરાં દોરડાં.
ડેરા–માંકડી.
ઝડકા–અવરનવર દોરી પકડી ખાંચા એચકારા મારવા તે.
જામા–ઠરી.
ઘુમરડી–ઘુમડી ખવગવી.
દોણી–છાશ ભરવાનું ઉઢણું.
હાટીડું–ભંડારીઉં.

ટૂંક નોંધ.

ઘણી બાળાઓએ તો વલોણું જોયું હશે. એક માટીની કે પીતળની ગોળીમાં દહીં રેડે છે. પછીથી જોશિયાળો હોય તો ગરમ પાણી, નહી તો ઉનું પાણી દહીં ભેગું રેડેછે. ત્યારપછી રવૈયો મુકેછે અને નેતરા બાંધેછે. ત્યારપછી એચકારા મારી બે માણસો દહીંને વલોવેછે એટલે દહીં ભાગી જાય છે. એમ બે ત્રણ વાર પાણી રેડે છે. અને છેવટે ઝડકા દે છે. એટલે માખણ ઉપર તરી આવે છે એમ બે ત્રણ વાર વલોવી એકઠું કરે છે. ત્યાર બાદ ગોળીમાં છાશ પડી રહેછે. તેના કઢી બનાવવામાં આવેછે. માખણનું તાવીને ઘી બનાવવામા આવેછે

પાઠ ૫૫ મો. દુધનો તર.

તર–મલાઈ.
ઝટઝટ–જલદી.
પુરણ–પુરેપુરા.
જીવન–જીવવું તે.
વૃદ્ધિ-વધવું તે.
ખુમચો–રકાબી; ટાટ.
અધીરાં–આતુર.
અપારદર્શક–આરપાર જોઇ ના શકાય તેવું.
ખુલાસો–સમજુતી.

ટૂંક નોંધ.

બાળાઓ જાણતી હશે કે બાળકો અને ઘણાં પ્રાણીનાં બચ્ચાં દુધ થી ઉછરે છે. દૂધ પુર્ણ ખોરાક છે. કારણ કે શરીરમાંની ગરમી ટકાવી રાખવા જે જે પદાર્થો જોઇએ તે તે પદાર્થો જોઇએ તેવા પ્રમાણમાં તેમાં મળેલા છે. દુધ સફેદ, મીઠું અને અપાર

દરાક છે. તે મનુષ્ય તેમજ પ્રાણીમાત્રનો ઉત્તમ ખોરાક છે. જો દુધને કેટલોક વખત હલાવ્યા વગર રહેવા દઇએ તો ઉપર જાડી તોર દેખાય છે. તે તોર મલાઈ કહેવાય છે. તેનો રંગ સહેજ પીળચટો હોય છે.

પાઠ ૫૬ મો. માખણ અને માવો.

માખણ—છાશઉપર સફેદ ઘટ ચીકણો પદાર્થ તરી આવેછેતે.
નરી—એકલી.
આધરકતાં—છાશ રેડતાં.
ચરબી—પ્રાણીઓના શરીરમાં ઘી જેવો પદાર્થ નીકળે છે તે.

ટૂંક નોંધ.

દુધમાં થોડીક છાશ ભેરવી તેનું દહીં બનાવવામાં આવેછે દહીને વલોવી દહીંનું માખણ બનાવવામાં આવેછે અને માખણને તાવીને માખણનું ઘી બનાવવામાં આવેછે. માખણ એ ચીકણો પદાથ છે. દુધમા માખણના ગોળકણ રહેલા છે અને તે દુધના બીજા પદાર્થો કરતા હલકા હોવાથી ઉપર તરી આવેછે. દુધને ગરમ કરી બાળીનાખી ભૈયા લોકો માવો બનાવેછે. માવો એ કીમતી ખોરાક છે. કારણ કે તેનામાં શરીરની અંદરનુ માસ વધારવાની શકિત છે. દુધને જયારે બાળવામાં આવેછે ત્યારે માખણના કણનો જથોભેગો થાય છે. તેને માવો કહીએ છીએ. હાલમા દુધના સંચા આવે છે. તેનાથી માવો છુટો પાડી શકાય છે.

પાઠ ૫૭ મો. છાશને ઘી.

ટેકો—સામો ભાગ.
કંદોઇ—મીઠાઈ બનાવનાર ને વેચનાર.
કમી—ઓછો.
પોષણ—ઉછેરવું તે; જીવન.
ખોદાઇ જાય—તવાઇ જાય.

ટૂંક નોંધ.

દુધમાં ખટાશ નાખવાથી દુધનું દહીં થાય છે. દહીંને વલોવાથી માખણ અને છાશ બને છે. માખણને તાવીને ઘી બનાવેછે. છાશ ખાવાનાં કામમાં આવેછે અને તેની કઢી બને છે. છાશ રંગે ધોળી અને સ્વાદે જરાક મોળી, જરાક મીઠી અને ખારી હોય છે. મીઠાશ અને ખારાશ દુધમાં ખાંડ અને ખારનો ભાગ રહેલો છે તેને લીધે હોય છે. આ પ્રમાણે દુધમાં મુખ્ય પદાર્થ માખણ, માવો, સાકર, ખાર અને પાણી છે. ભેંસના દુધમાં સેંકડે ૮૧ ટકા પાણી, ૬ ટકા માવો, ૧૫ા ટકા ચરબી, ૪ ટકા ખાંડ અને એક ટકાથી ઓછો ખારનો ભાગ હોય છે. આપણે જે દુધ ખાઈએ છીએ તે દુધ શરીરની અંદરની ખટાશ ભેગું થાય છે અને દુધનું દહીં બને છે, અને દહીનુ માખણ અને છાશ જુદી પડેછે.

પાઠ ૫૮ મો. વનસ્પતિની વાત.

(ભાગ ૧ લો.)

ઘામ–ઉકળાટ.
ચાંદની–ચંદ્રમાની.
સામટાં–જોડે.
બનાવટી–જોડી કાઢેલી.
ઇંદ્ર–સ્વર્ગનો રાજા.
ઇંદ્રાણી–ઇંદ્રની રાણી.
મુગટ–શિરપેચ.
ઠઠ–જમાવ.
ફરજ–કર્તવ્ય.
ચોપદાર–છડીદાર.

ગર્જના–મોટો અવાજ.
નોબત–ઢોલ.
વાચા–બોલવું તે.
સજ–તૈયાર.
ખડીથઇ–ઉભી થઈ.
ફરમાવ્યું–હુકમ કર્યો.
કર્તવ્ય–ફરજ.
છિપાવે છે–મટાડે છે.
પરનાળો–નીક.

કેકો-ચાને ડેકાણે લોકો લોટ જેવો ભુકો વાપરે છે તે.
પંક્તિ-હાર.
મરવા-નાનાંફળ.
ઇલાજ-ઉપાય:
શાખ-આંબાની ઉપરજ પાકવા આવેલી કેરી.
કાળજી-દરકાર.
નિર્વાહ-ગુજરાન.

ટૂંક વાકયો.

અમને જંપવા દેતા નથી—અમને સુખ ચેનથી રહેવા દેત નથી. સાખ ખેરવીને—સાખ પાડીને. ઠંડાજમી—બીક થઇ.

પાઠ ૫૯ મો. વનસ્પતિની વાત.

(ભાગ ૨ જો.)

નમન કર્યું-પગે પડયું.
કાટ-ઇમારત બાંધવામાં વપરાતાં લાકડાં.
ઓસડવેસડ-દવાદારૂ.
સાચી-એક હુંકરી
સોસવું પડે છે-સહન કરવું પડેછે.
અમૃત-એક જાતનો સ્વર્ગીય રસ કે જે પીવાથી અમર થવાય છે.
રાડા-સુકા સાંઠા.
નાતો-સંબંધ.
દાવો-હક.
પુષ્ટિકારક-જોર આપનાર.
હુકુમ-રજા.
ઉત્પત્તિ-પેદાશ
વેલા-ભોય ઉપર પથરાતા રોપા.
વાપર-વપરાશ.
કઠોર-દ્વિદળ ધાન્ય, મગ ચોળા, અડદ, મઠ વિગેરે.
હિસાબ-ગણતરી.
ગરજ સારે છે-કામ બજાવેછે.
બરખાસ કરી-બંધ કરી.

ટૂંક નોંધ.

આ દુનીઆમાં માણસોને, પશુ પ્રાણીઓને અને જીવજંતુઓને વનસ્પતિની ઘણી જરૂર છે ઘણાં ખરાં મનુષ્યો તો ફક્ત વનસ્પતિજ ખાઇને જીવે છે. આપણને આંબા, તાડ, રાંયણ

વિગેરે ઝાડો ફળ આપેછે. કેટલાંક તો ફુલ આપેછે. કેટલાંક ઝાડ જેમ કે સાગ, બાવળ વિગેરે ઇમારત બાંધવાને કાટ અને બળ-તણ આપેછે. કેટલાક ઘાસ અને ઘણી જાતનાં અનાજ આપેછે. વેલાઓ અને રોપાઓ શાક ભાજી આપેછે. અને કેટલાક તો કંદ આપેછે. આપ્રમાણે દરેક જાતની વનસ્પતિ કંઇને કંઈ કામમાં આવેછે. કેટલાક રોપાઓ તો દવાના કામમાં પણ આવેછે.

પાઠ ૬૦ મો. ચા અને ખુંદ.

(ભાગ ૧ લો)

કોકડા-ગુંચળા.	ગુણકારી-ફાયદાકારક.
કુઓ-નાની કુંપળો.	લહેજતદાર-સ્વાદિષ્ટ.
નરસી-ખરાબ.	પુંઠું-પડ.
વસંતઋતુ-ફાગણને ચૈત્ર મહીનો	પડ-ઢાંકણ
કાફી-ખુંદ.	મજબુડ-મજબુત.

ટૂંક નોંધ.

ચા અને કાફીના છોડ ઠંડા દેશોમાં ઉગે છે. લંકા અને પહાડી દેશોમાં તે ઘણી થાય છે તેના છોડ બારે માસ લીલા હોય છે. છોડના પાદડા ચુંટી લેવામા આવેછે. ત્યારપછી તે પાંદડાને સુકવવામાં આવે છે છેવટે તે પાંદડાંને સેકવામાં આવે છે એટલે ચા તૈયાર થાય છે જે પાંદડાં વસંત ઋતુમા ઉતારી લેવામા આવે છે તે પાંદડાની ઉત્તમ ચા બનેછે. કુમળાં પાદડાની ચા કડણ પાંદડાની ચાકરતા સારી હોય છે. ખુંદનાછોડ ચાના છોડ જેવા બારે માસ લીલા છમ રહે છે અને ઠંડા પ્રદેશોમાં ઉગેછે. ખુંદ ચુંટી લેવામાં આવેછે, ત્યારપછી શેકીને તેનો લોટ કરવામાં આવેછે. એટલે કાફી તૈયાર થાય છે. ચા ઠંડા દેશોમા ફાયદા કારક છે. ગરમ દેશોમા તેની એટલી બધી જરૂરીઆત નથી. બહુચા પીવાથી નુકશાન થાય છે. ખોરાક તેનાથી બરાબર પચી શકતો

નથી. બુંદ ચા કરતાં ઓછી નુકશાન કારક છે. જો નીયમીત લેવામાં આવે તો કાફી અને ચા ગુણકારી થઈ પડેછે.

પાઠ ૬૧ મો ચા અને બુંદ.

(ભાગ ૨ જો.)

ચઢની-ઉંચી.	માપ-ભરતર.
આધરણ-ખુબ ઉકળતું પાણી.	પુડો-પડ.
ગણગણ-છમછમ.	સદતી નથી-માફક આવતી નથી

ટૂંક નોંધ.

ચાને બનાવવા બનાવવામાં પણ ફેર હોય છે. પહેલાં તો પાણીને જ્યાં સુધી ખળખળ થાય ત્યાં સુધી ઉકાળે ચઢવા દેવુ. ત્યારપછી ઘણા ખરા લોક તો ચા નાખી એકાદ બે મીનીટ ચાદાની દેવતા ઉપર રહેવા દઈ ઉતારી નાખે છે. ત્યારપછી જેને જેટલી સાકર અને જેટલું દુધ જોઈએ તેટલું લેછે. બીજી રીતએ છે કે પાણીને ઉકાળે ચઢાવ્યા પછી ચાદાની ઉતારી નાખે છે, અને ત્યારપછી બીજા ઠાલી વાસણમા ચા નાખી ગરમ પાણી રેડેછે અને ઠરવા દેછે. અથવા તો નાની કોથળીમાં ચા ભરી તેને ઉકળતા પાણીમા પલળવા દેછે ત્યારપછી ખાંડ અને દુધ નાખે છે. એક તોલા ચા થી આશરે ચાર પાચ પ્યાલા ચા બનેછે. કાફી પણ તેજ પ્રમાણે તૈયાર થાય છે. કાફી ચા કરતાં ત્રણ ઘણી નંખાયછે. કાફી નાખ્યા પછી એ પાણીને દેવતા ઉપર ઉકળવા દેવું પડેછે અને હલાવવું પણ પડે છે. જેને ચા અને કાફી ન સદે તેણે નકામી ટેવ પાડવી નહી.

પાઠ ૬૨ મો. ગોળ, ખાંડ અને સાકર.

ગળપણ-મીઠાશ.	કોલુ-શેરડી પીલવાનો સંચો.
વાઢ-શેરડીનું ખેતર.	રિવાજ-ધારો.

વાપર—ઉપયોગ.
શુદ્ધ—ચોકખો.
રસી—શેરડીના રસને ઉકાળતી વખતે જે મેલ તરી આવે છે તે.
મસ્કો—ચીકણો નહિ તેવો.
અણગમો—ના પસંદગી
પતરાં પતરાં વાળી—જેમાં પડ દે ખાય તેવી.
બીટ—વિલાયતી લાલ કંદ.

ટૂંક નોંધ.

આપણાં દેશમાં શેરડીના ઘણા વાઢ હોય છે. શેરડીને કોલ માં પીલવામાં આવેછે. ઉકાળતી વખત જે મેલ નીકળે છે તેને આપણે રસી કહીએ છીએ. તે કાઢી નાખવામાં આવેછે તે રસ ઠરે છે એટલે ગોળ બને છે. જેમ ગોળ રાતો, મસ્કો અને દાણાદાર તેમ તે સારો ગણાય છે. ગોળમાંથી ખાંડ બને છે. ગોળને ઉકાળી મેલ કાઢી નાખી કેટલાક પદાર્થ નાખી ખાંડ બનાવવાંમાં આવેછે. ખાંડ જેમ વધારે સફેદ અને ચળકતી તેમ વધારે સારી ગણાય છે. જારના રાડામાંથી પણ ખાંડ બને છે. બીટ નામના વિલાયતી કંદમાંથી પણ ખાંડ બનાવવામાં આવેછે. ખાંડને વધારે ચોકખી કરવામાં આવેછે. જેમ સાકર વધારે પતરાં પતરાંવાળી તેમ વધારે સારી કહેવાય છે. અહીંઆં લોકો લોચા પડતી બંગાળી ખાંડ વધારે પસંદ કરે છે.

પાઠ ૬૩ મો. જુદી જુદી જાતના ચોખા.

ભાત—રાંધેલા ચોખા.
ડાંગેર—છોડાંવાળા ચોખા.
પંખાળી—પાંખો વાળી.
ત્રાંબાસાળ—પાણસાળ, ત્રાંબાના રંગની લાલ ડાંગર.
સસ્તા—સોઘા.
સુખળાં—અણીદાળ સળીઓ.

ટૂંક નોંધ.

ડાંગેર ઘણી જાતની હોય છે. કોઈ ડાંગેરની બાવન જાત અને કોઇ તો ચોરાસી જાત કહે છે ડાંગેરને ખાંડી ચોખા કાઢ-

વામાં આવેછે. જ્યારે ચોખાને રાંધવામાં આવે છે ત્યારે ભાત કહેવાય છે. ડાંગેરની મુખ્ય જાતો કમોદ, ત્રાંબાસાળ, બંગાલીઉં, આબામોર, સુખવેલ, જીરાસાળ, સુતરસાળ, કોલમ વિગેરે છે. કડાની અને સાઠી ડાંગેરનો ચોખો ઘણો જાડો હોય છે. તે ચોખા સસ્તો હોય છે એટલે ગરીબ લોકો તે વાપરેછે. વળી ખીચડીઆ ચોખા હોય છે. વળી પૌંઆને માટે ધાણા સાળ ડાંગેર સારી ગણાય છે.

પાઠ ૬૪ મો. લોટ.

નિભાવ-ગુજરાન.	આરારૂટ-એક જાતના છોડના કંદનો લોટ.
મેંદો-પરસુદી	સત્વ-કસ.
રવો-દાણાદાર ઘઉંનો લોટ.	

ટૂંક નોંધ.

કેટલાક દેશમાં લોકો ચોખા અને દાળઉપર જીવે છે. આપણા દેશમાં જોડે ઘઉંનો રોટલી તથા બાજરીના રોટલા ખાય છે. ગરીબ લોકો બાજરી તથા ઘઉંને બદલે જુવાર, મકાઇ, બાવટો તથા કોદરા વાપરેછે. ઘઉંની મુખ્ય જાત ભાલીઆ, વાજીઆ, હાંસોટીઆ, માળવી, દાઉદખાની અને પોપટીઆ છે. આપણા લોક માળવી તથા ભાલીઆ વધારે પસંદ કરેછે. ઘઉં સ્વાદિષ્ટ અને પુષ્ટિકારક છે. ઘઉંને ધોઈને દળે એટલે મેંદો નીકળે છે. મેંદો સફેદ અને ચીકાશ પડતો હોય છે. મેંદામાંથી ઝીણી કણકી નીકળે છે તે રવો કહેવાય છે. રવાનો શીરો ઠીક બને છે. ઘઉં બાજરી, જુવાર કરતાં મોંઘો હોય છે. ઘઉં આખી દુનીઆમાં વપરાય છે.

પાઠ ૬૫ મો શાકભાજી.

વિચિત્ર-તરેહવાર.	જામ-જમરૂખ.
કુમળી-કુણી.	ડુંગરી-કાંદા.
વણુસાદોડી-દોડીની એક જાત.	છુટેછે-ઝરેછે.

ટૂંક નોંધ.

માણસો ઝાડનાં મૂળ, કંદ, છાલ, પાંખડાં, પાંદડાં, ફળ, ફુલ વિગેરે ખાય છે. જુદી જુદી જાતની ભાજી જેમકે કુંઆડીઆની, મેથીની, સવાની, તાંદળજાની અને બીજી ઘણી જાતની ભાજીઓ ખાય છે. જુદી જુદી જાતનાં કંદ જેમ કે સુરણ, સકરીઆં, રતાળુ, બટાટા વિગેરે ખાય છે. જુદી જુદી જાતનાં મુળ જેમ કે મુળા, ગાજર વિગેરે ખાય છે. શીંગો જેમ કે પાપડી, વટાણા, તુવેર વિગેરે ખાઈએ છીએ. જાંબુ, કેરી, રાંયણ, જામ, નારંગી વિગેરે ફળ ખાઇએ છીએ. તેમજ જુદી જુદી જાતનાં હોળ અને ડુંગરીનો પણ ઉપયોગ થાય છે. જુદી જુદી શાકભાજીમાં જુદાં જુદાં તત્વો રહેલાં છે. તે પુષ્ટિકારક અને શક્તિને મદદ કરેછે.

પાઠ ૬૬ મો. રાંધવાની રીતો.

અસલના વારામાં—જુના વખતનાં.	માલમ—જાણ.
ભાળ—શોધ.	કળાઓ—હુન્નરો.
	ઓળા—લીલા શેકેલા ચણા.

ટૂંક નોંધ.

આપણે કાચું અનાજ ખાતા નથી પણ તેને રાંધીને ખાઇએ છીએ. પુરાતન સમયમાં દેવતા પાડવાની કળા જંગલી લોકો જાણતા ન હતા ત્યારે કાચો ખોરાક ખાતા હતા. હજુપણ કેટલાક જંગલી લોકો તુંબડીમાં લાલ ચોળ ગરમ પથરા નાખી ખોરાક નાખી ખોરાક રાંધેછે. કેટલાક તો જમીનમાં દાટી ઉપરથી દેવતા સળગાવેછે. જુદી જુદી ચીજો જુદીજુદી રીતે તૈયાર થાય છે. કેટલીક શેકવાથી, કેટલીક બાફવાથી, કેટલીક વધારવાથી, કેટલાક તળવાથી અને કેટલીક વરાળથી બાફવાથી ખાવાલાયક તૈયાર થાય છે.

પાઠ ૬૭ મો. પાણી તથા દુધ ચોકખા રાખવા વિષે.

મડમ–સાહેબની સ્ત્રી.	બર–ગીચ.
બિમાર–માંદાં.	ઉકરડા–ગંદકીના ઢગલા.
સંગ્રહણી–મરડાની જાતનો ભયંકર રોગ.	મરી–ઉતરી.
અરૂચિ–અભાવ; અપ્રિતિ.	જાજરૂ–સંડાસ.
મધુરૂંમધુરૂં–થોડુંથોડું.	સ્વચ્છ–ચોકખું.
બેશુમાર–પુષ્કળ.	ઓછુંવત્તું–થોડું ઘણું.
ગંદકી-ગંદવાડો.	વિદાય થઇ–ચાલી ગઈ.

ટૂંક નોંધ.

પાણી વગર કોઈ પ્રાણીને ચાલી શકે નહી. જો અસ્વચ્છ પાણી પીવામાં આવે તો ઘણી જાતના રોગ ઉત્પન્ન થાય છે. કેટલાક લોક તો પાણીને કોલસા અથવા તો રેતીમાં થઈને નીતરવા દેછે. એટલે તેમાથી મેલ જતો રહે છે. અને ચોખ્ખુ પાણી રહે છે. કેટલાક લોક તો પાણીને ગરમ કરી ઠરવા દેછે અને પછીથી પીયેછે. પાણીને ગરમ કરવાથી પણ મેલનો નાશ થાય છે. જે કુવાઓ પાસે ગંદકી રાખવામાં આવેછે તે કુવાઓનું પાણી ચોકખું હોતું નથી. ગદકી ઢોળાતાં પાણીને મળે છે અને જમીનમાં ઉતરી અંદરના પાણીને બગાડેછે. વળી પાણી તેમજ દુધ હવા ચુસેછે. તેથી તેમાં ખરાબ હવા મળતાં ઝેરી જંતુઓ ઉત્પન્ન થાય છે, અને દુધ તથા પાણી પીવાથી રોગ ઉત્પન્ન થાય છે. દુધ તથા પાણી ચોખ્ખા પાણીથી ધોએલા વાસણોમાં ભરવું અને તે વાસણો વારંવાર સાફ રાખવાં, ઢોરને સારો ખોરાક આપવો, કોડ સાફ રાખવી, સ્વચ્છ વાસણોમાં દુધ ભરવું વિગેરે ઉપાયો લીધાથી દુધ ચોકખું મળી શકે છે.

પાઠ ૬૮ મો. આપણું શરીર.

બે ભાગ-પોડું.	આંતરડું-ગુંછળું વળેલા દોરડા જેવા પેટનો ભાગ.
અવયવ-ભાગ.	પેઢુ-પેટની નીચેનો ભાગ.
ક્રિયા-કામ.	ખાસ-અસાહેદુ.
માહિતી-જાણ.	વાટે-રસ્તે.
પડખે-બાજુએ.	જુસ્સો-લાગણી.
ફેફસાં-શ્વસોશ્વાસની ઇંદ્રિયો.	જોમ-જોર.
હૃદય-લોહીની ટાંકી.	

ટૂંક નોંધ

શરીરના બે મુખ્ય ભાગો છે, માથું અને ધડ. માથાની અંદર મગજ હોય છે ધડમાં ઘણા અવયવો છે. છાતી અંદર ફેફસાં અને હૃદય છે. હૃદય છાતીની સહેજ ડાબી બાજુએ આવેલું છે. તેને બે ખાનાં છે. એમાં લોહી ભેગું થાય છે. પેટની જમણી બાજુએ કાળજું, ડાબે પડખે બરોળ, વચલા ભાગમાં આંતરડાં અને નીચલા ભાગમા પેઢુ છે. દરેક અવયવ પોતપોતાનું ખાસ કામ કરેછે. આપણા શરીરમાં લોહી નસો વાટે ફરેછે બગડેલું લોહી હૃદયના જમણા ભાગમાં ભેગુ થાય છે. ત્યાંથી ફેફસામાં જાય છે. ત્યાં હવાની આવજાને લીધે તે બગડેલું લોહી સ્વચ્છ થાય છે. સ્વચ્છ થઇ ડાબા ખાનામાં જાય છે. ત્યારપછી નસોમાં થઇને આખા શરીરમાં વહેછે, ખાધેલા ખોરાકને પચાવવાનું કામ જઠર, કાળજું અને આતરડાં કરેછે. મગજ, નસો, કાન, આંખ વિગેરે લાગણીના અવયવો છે. હાથ, પગ વિગેરે ગતિનો અવયવો છે. ધડની અંદરના અવયવો શક્તિ જોર અને જુસ્સો ઉત્પન્ન કરેછે.

પાઠ ૬૯ મો. શરીરની સ્વચ્છતા.

આરોગ્ય–તંદુરસ્ત.
સ્વચ્છતા–ચોકખાઈ.
છારી–પડ.
આવરદા–આયુષ્ય.
ખોખાં–દાત વખરનાં.
અડાયા–છાણા.
મંજન–માંજવાકે સાફ કરવાની વસ્તુ.
અવાળુ–દાંતની પીડા.
કંજુસાઈ–કસર.
ઉસ–લીલ.
સાવચેતી–સંભાળ.
ખોડો-ઉખડેલી સુકી ચામડીનો મેલ.
વતડવાની–ખજવાળવાની.
દાતીકરવી–કાંસકીના દાંતમાં ખડબચડી દોરી ગુંથી તેવડે માથું ઓળવું તે.
નખીઆં–નખવડે ખજવાળવાથી ગુંમડાં જેવું થાય તે.
ત્રાસ–દુઃખ.
લીખો–જુમાકડ વિગેરેનાં ઈંડાં.
માથાવટી–સાલ્લાકે સાડીનો માથાઉપર ઓઢવાનો જે ભાગ ચીકટાય તે ભાગ.
લટીઆં–લાંબા વાળના ગુચ્છા.
અંબોડો–સ્ત્રીઓ માથાના વાળઓળી તેની ગાંઠ વાળે છે તે.
લટ–લાંબા વાળની ગુચ્છ
ટાલ–માથાના જેટલા ભાગ ઉપરથી વાળ જતા રહ્યા હોય તેટલો ભાગ.
સંભવ–આશા.

ટૂંક નોંધ.

બાળાઓ, આપણે શરીરે આરોગ્ય રાખવું હોય તો હંમેશાં સ્વચ્છતા જાળવવાની જરૂર છે. મુખ્યત્વે કરીને ચામડી, વાળ અને દાંત સ્વચ્છ રાખવા. જરૂર પડે તો ચામડી સાબુથી અગર એમને એમ નહાવાથી સાફ કરી શકાયછે. વાળને નિયમસર ઓળવાથી, તેલ ઘાલવાથી અને અંબોડો વાળી ભેગા રાખવાથી સાફ રહી શકેછે. દાંતને મોંઢું ધોતી વખતે બાવળનાકે કોઇ બીજા દાતણના કુચાથી ખુબ ઘસવાથી અને જરૂર પડે તો દાંત મંજન ઘસવાથી સાફ રહેછે. જો ચામડી સાફ ના રાખવામાં આવે તો ખસ, ગુમડાં વિગેરે થાય છે અને શરીર અંદર ભયં-

કર રોગો ઉત્પન્ન થાય છે. જો વાળ સાફ ના રાખવામા આવે તો લીખો અને જુઓ પડે અને છેવટે ખજવાળવાથી ફોલ્લીઓ અને બીજાં માથાનાં દરદ થાય છે. જો દાંત સાફ ના રાખવામા આવે તો છારી વળી દાંત વહેલા પડી જાય અને ખોખા થવાય. માટે દરેક જણે નહાતી ધોતી વખતે ચામડી, વાળ અને દાંત સાફ કરવા ભુલી જવું જોઇએ નહી.

પાઠ ૭૦ મો. શરીરમાં રહેલી ગરમી

(ભાગ ૧ લો).

કડકડતી–ઘણીજ સખત.	જઠરાગ્નિ–પેટની ગરમી.
નાડી–હાથમા કાંડા અગળની શિરા કે જે વડે લોહીની ગતિ તથા રોગ સમજાય છે તે.	એંજિન–વરાળ પેદા કરી ગતી આપનારો સંચો.
	અસર–લાગણી.

પાઠ ૭૧ મો. શરીરમાં રહેલી ગરમી.

(ભાગ ૨ જો)

મેળાપ–સમાગમ.	ઉકાળોછો–તપાવોછો.
મંદ પડે–ધીમો પડે.	અંશ–ભાગ.
ભસ્મ–બળીને.	વેગ–ગતિ.
ખાખ–રાખ	માપી–ભરી.
તરેહવાર–વિચિત્ર.	કુખ–બગલ.

ટૂંક નોંધ.

ગરમી વગર પ્રાણી માત્ર જીવી શકે નહી. આપણું શરીર એંજિન જેવું છે. જેમ એંજીનને કોલસાની અને હવાની જરૂર પડેછે તેમ આપણા શરીરને પણ હવાની અને બળતણની જરૂર પડેછે. ખોરાક એ શરીરનું બળતણ છે. ખોરાકને હવાનો સમાગમ

થવાથી ગરમી ઉત્પન્ન થાય છે. એ ગરમીથી કંઇ ભડકો કે ધુમાડો થતો નથી પણ આખા શરીરમાં તે વ્યાપી રહે છે. ખાધેલો ખોરાક બળી જાય છે, એટલે ગરમી થાય છે. એટલે ફરીથી ખોરાક ખાવો પડેછે. જો વધારે ખોરાક ખાય અગર ઘણો ઓછો ખાય તો માફકસર ગરમી ઉત્પન્ન થતી નથી તેથીજ માણસ માંદુ પડેછે. માટ બાળકોએ તો ખાસ કરીને ખાવામાં બહુ સંભાળ રાખવી. આપણા શરીરમાં નિરંતર ગરમી ચાલુ રહેછે. ઘણું કરીને દરેક મનુષ્યમા તે લગભગ સરખી હોય છે. તે થર્મોમિટર નામના યંત્રથી મપાય છે અને લગભગ ૯૮, ૯૮॥ ડીગ્રી હોય છે. આથી વધારે હોય તો તાવ આવ્યો છે એમ આપણે કહીએ છીએ.

પાઠ ૭૨ મો. પેટ અને પાચન ક્રિયા

બખોલ–ખાડો.

પિત્તાશય–પિત્તભેગું થાય છે તે જગા

માંસપિંડ–માંસનો લોચો.

તમતમા–ઘણાતીખા.

જઠર–ખોરાક પચાવનારી મુખ્ય ઇંદ્રિય.

અન્નનળી–જે નળી વાટે ખોરાક પેટમાં જાય છે તે નળી

લાલ–ચીકણું થુંક.

આખાપાખું–આવ્યાવગર.

શિરા–ઝીણીનસ.

દ્રવ–પ્રવાહી.

શેષ–બાકી.

મળ–મેલ.

ટૂંક નોંધ.

પેટના મુખ્ય અવયવો કાળજું, બરોળ, જઠર, આંતરડું અને પેઢું છે. બરોળના ઉપલા ભાગમાં જઠર છે. કાળજામાં પિત્તાશય નામની કોથળી છે. જઠર પણ એક કોથળી છે. તે ખોરાક પચાવનારી મુખ્ય ઇંદ્રિય છે. ખાધેલા ખોરાક અન્ન નળી વાટે જઠરમાં જાય છે. ત્યાં તે ઓગળી જાયછે અને તેનો રસ

બને છે જે ખોરાક આપણે ખાઈએ તે બરાબર ચાવવો જોઈએ. તેવો બરાબર ચાવેલો ખોરાક ઝટ પચી જાય છે. ગળે ઉતારેલો ઝટપચી શકતો નથી. તેથી જઠરાગ્નિ મંદ પડે છે, તેથી ગરમી મંદ પડેછે, અને છેવટે માંદુ પડાય છે. માટે ખાતી વખતે ખોરાક ચાવવા અને વચ્ચે વચ્ચે જરૂર પડે ત્યારે થોડું થોડું પાણી પીવા ધ્યાનમાં રાખવું, તેથી પાચન શક્તિને ઘણો ફાયદો થશે.

પાઠ ૭૩ મો રેશમ.

સુસ્ત–આળસુ.	યુક્તિસર–તજવીજથી.
તાર–તાતણો.	સાળ–લુગડા વણવાનો સંચો.
કોશેટો–પતંગીઆને રહેવાનું ગોળ ઘર.	તવંગર–પૈસાદાર.
	પોશાક–લુગડાં.
ગોટી–દડી.	ટકાઉ–મજબુત.

ટૂંક નોંધ.

રેશમના કીડા હોય છે. તે કીડા શેતુરના પાંદડાં ખાઈને જીવેછે. તેથી જ્યાં શેતુરના ઝાડ વધારે ત્યા આ કીડાની વસ્તી વધારે હોય છે. તે કીડાના વર્ગનું જીવડું છે. તેના રૂપમાં ઘણા ફેરફાર થાય છે. કીડાનું થોડેક દહાડે પતંગીઉં થઈ જાય છે. તેને નિરાંતે સહી સલામત રહેવાને એક ઘર બાંધવું પડે છે. તે કોશેટો કહેવાય છે. તે કોશેટાને ઉના પાણીમાં બોળી રાખવામાં આવેછે. પછી ઉપલું પડ કાઢી નાખી અંદરની ગોટીને ઉકેલી ગુંછળાંવાળવામાં આવેછે. તે કાચું રેશમ કહેવાય છે. રેશમ મ્હૈસુર, ચીન, ઈરાન, જાપાન વિગેરે દેશોમાંથી આવે છે. એક કોશેટો એકજ તાંતણાનો બનેલો હોય છે. તે ૫૦૦ થી ૧૫૦૦ વાર લાંબો હોય છે. તેનો રંગ પીળચટો હોય છે. તેને ધોઈ જુદા જુદા રંગ ચઢાવેછે. ત્યારપછી સાળથી અથવા લોખંડકે પોલાદના સંચાથી રેશમનાં લુગડાં બનાવવામાં આવેછે. રેશમ સુતર

કરતાં મોઘું હોય છે. તેથી પૈસાદાર લોકો તે વાપરે છે. કેટલી વખત તો કસબ ભેગો વણવામાં આવે છે. રેશમનાં કાપડ હલકાં, નરમ, રૂપાળાં સુંવાળા અને ટકાઉ હોય છે.

પાઠ ૭૪ મો. રૂ.

ઉપજ–પેદાશ.
વેણ–કપાસનો છોડ
જીંડવુ–ફુંડું.
ચરખો–કપાસમાંથી રૂ તથા કપાસીઆ જુદા પાડવાનો લાકડાનો સંચો.
ગાદલાં–ગોદડાં
પુણીઓ–લાંબો રૂનો આકાર તૈયાર કરેછે તે
રેંટીઓ–સુતર કાંતવાનો સાદો લાકડાનો સંચો.
વાટા–ગોળાકાર લાંબી પુણીઓ.
વણકર–કપડાં વણવાનો સંચો.
તાંતણો–તાર.

ટૂંક નોંધ

જેમ રેશમ પ્રાણીની ઉપજ તેજ પ્રમાણે ઉન ઘેટાંના વાળ છે. કપાસ તથા વેણ વનસ્પતિની પેદાશ છે. કપાસનો છોડ વેણ કહેવાય છે. તેને જીંડવા થાય છે. તે ફાટે છે એટલે કપાસ દેખાય છે કપાસને ચરખા વતી કે જીનથી પીલવામાં આવેછે એટલે કપાસ અને રૂ છુટું પડેછે. ત્યારપછી રૂને પીંજવામાં આવેછે એટલે સાફ થાય છે. પુણીઓ રેંટીઆથી અથવા સંચાથી કાતવામાં આવેછે, એટલે સુતર થાય છે. સુતરનું સાળવતી કાપડ બનાવવામાં આવેછે. સુતર ઉપર જુદી જુદી જાતના કાચા અને પાકા રંગ ચઢાવવામાં આવેછે. જેમ કપાસ ઉંચી જાતનો તેમ સુતર ઉંચી જાતનું થાય છે અને કપડાં ઉંચી જાતના થાય છે. હિંદુસ્તાનમાં સુતરાઉ કપડાં ઘણાં વપરાય છે. સંચાથી કપડાં બનાવવાનું કામ ઘણું સહેલું અને સસ્તુ થઇ પડયું છે. જો કે વણકર લોકોનો વેપાર તુટી ગયો, પણ બીજો ઘણી જાતનો ફાયદો થાય છે. શણના છોડવાના રેસા તે શણ કહેવાય છે. તેનાં પણ કપડાં બનાવવામાં આવે છે.

પાઠ ૭૫ મો. કપડાં.

(ભાગ ૧ લો.)

ઓઢો—બળદને શીઆળામાં ઓઢાડવાનું સીવેલું કપડું.	રંગબેરંગી—જુદીજુદી જાતના.
માલીક—ધણી.	ઉઝરડા—ઘસરકા.
ભટક્યાં—રખડયાં.	લાજમર્યાદા—આબરૂ અને શરમ.
રૂવાંટી—કુમળા ઝીણાવાળ.	મરજાદ—અદબ.
મટ—જાડા.	કુદરતી—ઈશ્વરી.

પાઠ ૭૬ મો. કપડાં.

(ભાગ ૨ જો.)

આડાડો—અડકાડો.	સુતરેલ—સુતરાઉ.
ઠીકળ—ઠંડી.	કરકરૂં—ખડબચડું.
કુડવાનું—ચચરવું	સુજની—રજાઇ.
ધીકતી—ગરમ.	પસીનો—પરસેવો.

પાઠ ૭૭ મો. કપડાં.

(ભાગ ૩ જો.)

ઝેબ—રેલરેલા.	ગરજ—કામ.
અકારાં—અણગમતાં.	ઝારતાં—બજાવતાં.
લુ—ગરમ હવાનો સપાટો.	પોમ—રૂવાટી જેવું કપડાંપર હોય તે.
વહી—લઈ.	

ટૂંક નોધ.

આપણાં પહેરવાનાં લુગડાં સુતર, ઉન, શણ અને રેશમનાં બને છે. જુદાં જુદા કાપડાં ઉપર તરેહ તરેહના કાચા અને પાકા

રંગ હોય છે. શરીરને શોભા આપવાને, લાજ મર્યાદા સાચવવાને અને શરીરમાંની ગરમી ટકાવી રાખવાને આપણે કપડાં પહેરીએ છીએ. પશુ પક્ષીઓને જાડી ચામડી અને ઘટ રૂવાંટી હોય છે. તેથી ટાઢ તડકામાંથી તેમનું રક્ષણ થાય છે. કપડાં પહેરવાથી આપણું ટાઢ તડકામાંથી રક્ષણ થાય છે. આપણે શીઆળામાં અને શરદીના દીવસોમાં ઉનના કપડાં પહેરીએ છીએ ઉન જાતે ગરમ નથી પણ ઉન શરીરની ગરમીને હવામા જતી અટકાવેછે તેથી આપણને ગરમી લાગેછે સુતરાઉ તેમજ રેશમી કાપડમાં તેનો ગુણ નથી તેમા ગરમી લઈ લેવાનો ગુણ હોય છે, એટલે સુતરાઉ કપડાં ઉનાળામા પહેરવામાં આવેછે જુદા જુદા રંગ પણ જુદી જુદી અસર કરેછે કાળા અને ઝાંખા પડતા રંગ ગરમીને ચુસીલેછે. તેથી કાળું કપડું ધોળા કપડા કરતાં વધારે ગરમાવો આપેછે. તેટલાજ માટે શીઆળામાં કાળો રંગ અને ઉનાળામાં ધોળો રંગ પસંદ કરવામા આવેછે. ઉનના કપડાં મંદ વાહક છે, ને પસીનો ચુસીલેછે માટે તે શીઆળામા અને શરદીમા પહેરવાં (૨) કાળો રંગ ગરમી ચુસીલે છે તેથી તે રંગનાં કપડા શરદીના દીવસોમા પહેરવા. સુતરેવ રેશમી અને શણનાં કાપડ તીવ્ર વાહક છે, ધોળો રંગ ગરમી પાછી ફેકેછે; માટે તે રંગના કપડા, ઉનાળામાં અને ગરમીના દીવસોમાં પહેરવાં કપડાં ધોઇને સાફસુફ રાખવાં. નહી તો માંદા થવાનો સંભવ છે.

પાઠ ૭૮ મો. ઘરની સ્વચ્છતા.
(ભાગ ૧ લો.)

સાફસુફ—સ્વચ્છ.	એર—કચરો.
કુઅડ—મેલીઘેલી.	નકશીદાર—ચીતરામણવાળી.
પરસાળ—ઘરમાં પેસતા આવેલો પહોળો ઘરનો ભાગ.	દરકાર—સંભાળ.
	છા—છાજ.
વહીઓ—દર.	ઉથામીને—ઉચકીને.

પાઠ ૭૯ મો, ઘરની સ્વચ્છતા.
(ભાગ ૨ જો).

ગ્રહણ—સુર્ય ચંદ્ર ઉપર પડતી પૃથ્વીની છાયા.
લુછવાં—લ્હોવાં.
આંગણું—બારણા આગળની જગ્યા.
સાથીઆ—બીઆંવતી ચુનાના નકસીદાર આકાર પાડવ તે.
લીંપણ—લીંપવાની.
ઓકળીઓ—લીંપણમાં અંગુઠે પડતી નકશી.
અલગ—એકલાપણે.

ટૂંક નોંધ.

જેને સ્વચ્છતાનો શોખ હોય છે તે માણસ ભાગ્યેજ માંદો પડે છે. તે પોતાનાં કપડાં અને ઘરમાં વપરાતી દરેક ચીજ તેમજ સંઘરો કરી રાખવાની ચીજો સાફસુફ રાખેછે. નાનાં છોકરાં મેલાં રહે છે તેમને ચોકખાઈથી થતા ફાયદા સમજાવવામાં આવે તો ઓછાં મેલા રહી શકે. દરેક બાળાએ જેમ બને તેમ પોતાનું શરીર, કપડા અને ઘરબાર સ્વચ્છ રાખવું. સ્વચ્છ ચીજો જોઇને આપણને કુદરતી આનંદ થાય છે. ઘરમાં ઘણી વસ્તુઓ સાફ રાખવાની હોય છે. ઘરના ઓરડા, પરસાળ, ઓટલા, માળ કોઠાર, રસોડું જુદાજુદી જાતનો લાકડાનો નકસીદાર સામાન, લુગડાંલત્તાં, વિગેરે સાફ કરવાના હોય છે. ખુણેખોચરે કચરો રહેવા દેવો નહી. કાચનો અને લાકડાનો સામાન સાબુકે અરીઠાંના પાણીથી સાફ કરવો. કોઠારમાં કચરો ભેગો થવા દેવો નહી, ત્યાં ઉંદરો પેંધેછે, વીંછી, કાન ખજુરા અને સાપ વિગેરે ઝેરી પ્રાણીઓ આવવાને લલચાયછે, અને તે કરડવાથી કોઇ વખતે જાનનું નુકશાન થાય છે. માટે સ્વચ્છતા ગખવામાં ખાસ ધ્યાન રાખવુ.

પાઠ ૮૦ મો. દેડકું.

મોજથી-આનંદથી.
સેવાળ-લીલ.
પોષણ-ગુજરાન.
ટીશીઓ-કુંપળો.
જીવહિંસા-કોઇ જીવને મારી નાખવો તે.
ટળી-જતી રહી.
ચેનપડયું-સુખ પડયું.

ઠેકડો-કુદકો.
ગુંગળાટ-અકળામણ.
લપલપાવી-બહાર કાઢ ખાસ કરીને.
ગોળો-દડો.
ભવ-અવતાર.
રમુજી-આનંદી.

ટૂંક નોંધ.

દેડકાં ઈંડાં મુકે છે. જ્યારે દેડકું ઈંડામાંથી નીકળે છે ત્યારે તેને માથું અને પૂંછડી બેજ હોય છે. તેને તે વખતે બે કોથળીઓ હોય છે, તે વડે તે શ્વાસ લેછે. તે વખતે તે સેવાળ અને નાના છોડોની કુમળી ટીશીઓ ખાઇને જીવે છે. પછી તેની પૂંછડીની બેઉ બાજુએ એકેક ગાંઠ અને ત્યારપછી માથા નીચે બીજી બે ગાંઠો નીકળે છે. તે ચાર ગાંઠોમાંથી ચાર પગ પેદા થાય છે. તેના આગલા પગને ચાર ચાર આંગળીઓ અને પાછલા પગને પાચ પાંચ આગળીઓ હોય છે. પાછલા પગની આંગળીઓ પાતળી ચામડીથી સંધાએલી હોય છે, તેથી તે તરી શકે છે. ત્યારપછી કોથળીઓ ગુમ થઈ જાય છે અને ફેફસાંવડે દમ લેછે. તે જમીન ઉપર પણ ઠેકડા મારી શકે છે પછી તે કીડા જેવડા નાનાં જીવડા આખા આખાં નેગળી જાય છે. તેને દાંતથી ચવાતું નથી. તે ઉનાળામાં તેની ચામડી ઉતાળી તેનો ગોળો બનાવી જાય છે. તેને કીડાની માફક ત્રણ ચાર ભવ થાય છે.

કવિતા.

પાઠ ૩ જો. ડાળે બાંધેલો હીંચકો.

ગરબી (સાખીઓવાળી.)

બકુલ—બોરસલી.	સુગંધી—સારીવાસ.
તણી—ની	ફુલ્યાં—ખીલ્યાં.
શોભા—દેખાવ.	પરે—ઉપર.
હીંચું—હીંચોળું; હીંચકા ખાઉં.	શિર—માથું.
અપાર—પુષ્કળ.	મંદ—ધીમી.
વળતી—પછી	હુંય—હું.
ચમકાવે—ચોંકાવે.	રખે—કદાચ.
ઘડીમાય—ઘડીમા.	તુંય—તું.
મલકાવે—હસાવે.	પછડાઉં—અફળાઉં.
વહુછે—પસાર થાય છે	

ટૂંક વાક્યો

લીલા પીળાં લાગેરે—જો ચક્કર આવે તો.

સમજુતિ.

બેની! બોરસલીની ડાળીએ હીંચકો બાંધ્યો, તેની શોભા સારી છે, હું ઘણા વહાલથી હીંચકો ખાઉં.

સાખી.

જો હું જોરથી હીંચકા ખાઉં તો હું સામી ડાળી સુધી પહોંચું; પણ પાછા ફરતાં હું પેલી ડાળી સાથે અફળાઉં. પવનના પુરેપુરા સપાટા ઘણું સુખ આપેછે, પછી નિમાળા વેગળે થઇ જાય છે અને ઘણીવાર ચોંકાવેછે.

સાખી.

વળી મનને ચોંકાવેછે; ઘડીમાં ગભરાવી દેછે; ત્યાં મધુરવા વાય છે તે મને હસાવેછે પણ બ્હેરા. બાગમાં ફુલો છે, તેમની

કેવી મજેની ખુશબો પવન સાથે ગ્હેંકમ્હેંક થાય છે ! એ ખુશબો મને ઘણું સુખ આપેછે.

સાખી.

જેમ ઝીણાં ટપકાં માથાપર ગળે તેમ બકુલનાં ફુલ માથાઉપર ટપટપ પડે છે, મધુરી ધામી ખુશબો તે પણ મને આપે છે. મોંનીચું રાખીને હીંચકા ખાઉં, હીંચકા ખાઉં, હીંચકા ખાઉં, જો ચક્કર આવે તો આંખો મીચીદઉં.

સાખી.

જો હું હિંમત રાખું તો મને કદી થાક લાગતો નથી, પણ વહાલા હીંચકા, કદાચ જો તું તુટી જતો ! જ્યારે તું તુટે ત્યારે હું નીચે પડું અને અફળાઉં; માટે રમવાનું પડતુ મુકું અને હવે તો ઘેર જાઉં.

ટૂંક નોંધ.

નાના બાળકો ઝાડની ડાળીએ હીંચકા બાંધી હીંચકા ખાય છે. તેથી તેમને મન ઘણો આનંદ થાય છે. તેમ કરવાથી બાળકોને એક પ્રકારની કસરત મળે છે. કદાચ હીંચકો તુટે છે તો શરીરને ઇજા થાય છે. માટે ખાસ તે બાબત ધ્યાનમાં રાખવી. જે બાળકોને ફેર ચઢતા હોય તે બાળકોએ એવું જોખમ વ્હોરવું નહી.

પાઠ ૬ ઠ્ઠો. આજ અને કાલ.

ચરણા કુળ.

હસતે મુખ–મલકાતે મોંઢે.	નીચાનમી–વાંકાવળીને.
વેર્યાં–નાખ્યાં.	વીણવું–એક પછી એક લેવું.
નસીબે–દૈવયોગે.	અત્યારે–હમણા
કેરાં–નાં.	વિપત–આફત.

વણુ-સિવાય.
પણતોશે-અતિશય.
ભુલીને-થાપ ખાઈને.
બુરૂં-નઠારૂં; ખરાબ.
માફ-ક્ષમા.
અન્યાય-ગેર ઈનસાફ.
મટવાને-કમી થવાને.
ધીરીને-ઉધાર આપીને.
આબરૂ-ઇજત.
પાખી-સિવાય; વગર.
દેવું-આપવું.
નવ-ના.
આશે-આવે.
વાંકુબોલી-આડુંબોલી; જુઠું બોલી.
ભાળે-જુએ.
ફરીઆદી-દાવો.
સદ્ગુણ-સારા ગુણ.
પામો-મેળવો
ચટપટી-ચટપટ કરાવે એવી; ગભરામણ.
ચટપટી-ગુંચવણ ભરેલી.
માંલે-ખુશીથી રહે; મજા કરે.

સમજુતિ.

દેવયોગે ખુશી થઈને રસ્તામાં કોઇએ ગુલાબનાં ફુલ વેર્યાં હોય તો તે વાંકાવળીને આપણે ક્યારે વીણીશું? હે ભાઈ, હમણા આજને આજ વીણીલો (જેમ ગુલાબનાં ફુલ સારી વસ્તુ જાણી જે કોઇ તે રસ્તે જતું હોય તે તરતજ આનંદથી ઉપાડી લેછે, કારણ કે જો તરતજ ઉપાડી લેવામાંના આવે તો થોડા વખતમાં કરમાઈ જાય, તેમજ સારી વસ્તુનો તરતજ કોઇ બીજા ઘરાક થાય, તે પ્રમાણે ગુલાબ રૂપી સારાં કાર્યો વિલંબ કર્યા સિવાય તરતજ કરવાં, કારણ કે અનુકુળ વખત જતો રહે તો કાર્ય કરવું અશક્ય થાય છે. ટૂકમા સારી બાબત ગ્રહણ કરવાને તત્પર રહેવુ). પણ તે ક્રોધે ભરાઇ બોલે, તો તને ઘણુંજ દુઃખ પડે, તો પછી ઉદાસ ક્યારે થવું? હે ભાઈ, કાલે, કાલે, કાલે. (નઠારાં કાર્યો કરવામાં વિલંબ કરવો એટલે કે નઠારાં કાર્યો હાથ ઉપર લેવાં નહી; સારાં કામ કરતાં અડચણો આવે તો તે સહન કરવી; પણ અડચણોથી નઠારાં કામ કરવા લલચાવુ નહી.) કોઇએ ભૂલથાપ ખાઇને આપણું બગાડ્યું, અને આપણે દુઃખ પણ દીધું, તો

તેને આપણે ક્યારે ક્ષમા કરી શું ? હે ભાઈ, આજને આજ તેજ વખતે. (સારાં કાર્ય કરવામાં બીલકુલ વિલંબ કરવો નહી.) પણ જો ગેરઈનસાફ મળતો હોય તો તે અટકાવવાને, અને મનમાંથી રીસ ઓછી કરવાને જો વઢવાની જરૂર પડે તો ક્યારે વઢવું ? હે બાઇ, કાલે, કાલે, કાલે લઢવુ (લઢવું નહી) કોઈએ આપણને પૈસા ઉધાર આપીને આપણી ઇજત જાળવી હોય, અને તે માણુસ ધન વગર દુઃખી થતો હોય, તો પછી આપણે તે પૈસા પાછા ક્યારે આપવો ? હે ભાઈ, આજને આજજ તેજ વખતે આપવા ઉધારે ધીરેલા પૈસા પાછા ન આપે, અને વાકુંબોલી સામુંપણ જુએ નહિ, તો પછી આપણે ક્યારે દાવો કરવો ? હે બાઇ, કાલે, કાલે, કાલે દાવો કરવો (દાવો કરવો નહી) આપણે સારાં ગુણનાં ઘણાં કાર્યો કરવાં, અને તેમ કરવાને અપણા કામ ધંધામાંથી આપણને ફુરસદ ના મળે, તો પછી આપણે તે ક્યારે કરવાં ? હે બાઇ, આજેને આજ, હમણાજ કરવા ક્રોધ, નઠારાં વચન, ફીકર, ગભળામણ ગુચવણ ભરેલી રીતે બોલાવ્યા વગર પોતાની મેળે આવેતો, તો પછી તેઓ આપણા મનમાં વાસ કરી ક્યારે સુખચેનમા રહે ? હે બાઇ, બાઈ, કાલે, કાલે, કાલે રહે (તેમને મનમા પ્રવેશ કરવાને તક આપવી નહી).

ટૂંક નોંધ.

હે બાળાઓ, ઇશ્વરે આ દુનિઆ માણુસના સુખને માટેજ બનાવેલી છે. જ્યા ત્યા તેણે સુખજ મુકેલું છે. મનુષ્ય માત્ર પોતાની મેળે સારાં ખોટાં કાર્યોથી પોતાને માથે દુઃખ પહોરી લેછે. હંમેશાં સારાં કાર્યો કરવાથી મનને આનંદ થાય છે અને નઠારાં કાર્યો કરવાથી પરતાવો થાય છે. તો પછી સુખી થવાનો માર્ગ મુકી દુઃખી થવાનો માર્ગ શામાટે લેવો જોઇએ. સારાં કાર્યો કરવામાં ખીલકુલ ઢીલ કરવી નહી. અનુકુળ વખત પસાર થયે તે કાર્યો અશક્ય થાય છે; માટે તે બાબત ખાસ ધ્યાનમાં

રાખવી. ખોટાં કાર્યોને, ખોટા ચિંતાઓને, અયરાદાને ગુસ્સાને અને ખોટા વિચારોને, મનને સારા કામમાં રોકી પ્રવેશ કરવાને તક આપશો નહી. તો પછી નઠારાં કાર્યો કરવા તમારું મન લલચાશે નહી, એટલે તમે કદી તે કરશોજ નહી. જો આમ કરશો તો તમે સદા આનંદી અને સુખી રહેશો.

પાઠ ૯ મો. શરદની રાતે ગરબા ગાવા વિષે.

સાહેલડી–સખી.
હાંહાં–ઠીકઠીક.
હરિચરિત–પરમેશ્વર લીલા.
અલબેલડી–રંગીલી.
શરદ–છ ઋતુમાંની એક ઋતુ; ભાદરવો અને આસો મહીનો.
રંગ–લહેજત.
ગંભીર–મોટું.
ગગન–આકાશ.
ભાતડી–ભાત.
નક્ષત્ર–તારા.
છાતડી–છાતી.
નીર–પાણી.
વાટડી–વાટ; રસ્તો.
હરખે–આનંદે.
કુમુદાદિક–ધોળાં કમળનાં ફુલો અને બીજાં.
રત્ત–પ્રીતિ ભરેલું.
રાગમસ્ત–આનંદમાં ચકચુર.
ઘેલડી–ગાંડી.
ગોવિંદ–પરમેશ્વર.
રંગ–મજા.
નિર્મળ–ચોકખી.
રેલડી–રેલ.
લહાણી–ખુશાલીમાં સૌનેસરખી એકજ જાતની ભેટ આપવી તે.

સમજુતિ.

હે ! હે બેની, સખીઓ ઉઠો, સૌ મળીને ગરબા ગાઇએ ! વળીહો અલબેલડી, સખી હેતથી પ્રભુની લીલા ગાઇએ, હાં હા સખી સૌ મળીને હેતથી ગરબા ગાઇએ. (૨) શરદ ઋતુની રાત બરાબર ખીલી છે, આનંદથી ખુબ લહમહ છે, હાં હાં રે, આનંદથી પુષ્કળ લહમહ છે. (૩) જુઓ, અપાર

આકાશની ભાત બગબગ ભુરી ખીલી છે, હાહાંરે, મઝાની આસમાની ખીલી છે. (ચંદ્ર અને તારા જોઈ છાતી આનંદથી ઠરી ખીલે છે, હ હાંરે સખી, આનંદથી છાતી ઠરી ગજથી ફુલે છે. (૫) નદી, પાણી અને પર્વતના રસ્તા હરખથી કેવા હસેછે! હાંહારે સખિ, રસ્તા કેવા હસેછે. (૬) પોયણું વિગેરે ફુલની જાતો રાતે ખીલી રહેછે, હાંહાં રે બેની, રાતે ખીલી રહેછે (૭) હે સખી, આનંદમાં ચકચુર ગાંડા જેવીઓ બનીને પ્રભુના ગુણ ગાઇએ, હાહાંરે બેની, પ્રભુના ગુણ ગાઈએ હવે શુદ્ધ આનંદની રેલ છેલ થઈ, એટલે હવે લહાણી વહેંચીએ, હાંહાંરે સખી, હવે લહાણી વહેંચીએ.

ટૂંક નોંધ.

શુદ્ધ પ્રેમ એ જીવન છે. ઇશ્વર પ્રત્યે શુદ્ધ પ્રેમ રાખી તેના ગુણ ગાવા. તેમ કરવાથી મન શુદ્ધ રહેછે, અને સારાં કામમાં પરોવાય છે તેથી કરીને મન સુખ અને આનંદ અનુભવેછે.

પાઠ ૧૨ મો. શબરી અને રામચંદ્ર.

રાગ ધનાશ્રી (દેશીફેર૦)

શબરી-એ નામની એક ભીલડી હતી.
રામચંદ્ર-સૂર્યવંશી દશરથ રાજાના કૌશલ્યાથી થએલા પુત્ર.
મુજ-હું.
દાતડી ચાકરડી.
પરૅ-ઉપર
ધરીને-લાવીને.
સ્વામીજી-ધણીજી.

કુશ-દર્ભ.
નિત્યકર્મ-સંધ્યા પુંજા કર્મ.
મુનિ ઋષિ.
મર્મ-ભેદ.
આશ્રમ-મઠ.
ભ્રમ-ભ્રાંતિ.
આહાર-ભક્ષ.
શ્રેકાર-ઉત્તમ.
આગે-આગળ.
અપવાસણુ-ભૂખી.

સંઘરી–એકઠાં કરી.
સાર–સારાં
રાઘવ–રામચંદ્રજી.
પ્રાયે–ઘણું કરીને.
કંહીએ–કોઈપણ જગ્યાએ.
નેહ–પ્રેમ; સ્નેહ.
બદ્રીફળ–બોર.
મધુરાં–મીઠાં
મુજને–મને.
તણો–નો.
પાર–છેડો.
અશન–ખાવું તે; જમણ.
પાવન–પવિત્ર; ચોક્ખું.
સ્વસ્થ–શાંત.
રઘુવીર–રામચંદ્રજી.
વિરહે–વિયોગે.
નયને–આંખોએ.
નીર–આંસુ.
અધિકી–વધારે.
સહી–સાંખી.
અતિકાચું–ઘણું ઢીલું.

સમજુતિ.

મુજ ચાકરડી ઉપર દયા લાવીને પ્રભુજી તમે દર્શન દેવાને સારૂં થયું કે પધાર્યા, કે જેથી કરીને મારૂં મન સંતોષ્યુ. (૧) હે સ્વામીજી, આ દર્ભ લઇને સંધ્યા વિગેરે નિત્ય કર્મ કરો, આ દર્ભ ઘણા વખતનો જુનો છે, મુનીનો છુપો ભેદ કરો (સમાધી ચઢાવો). (૨) રામે ત્યા સંધ્યા વિગેરે નિત્ય કર્મ કરીને પોતાના ઉતારે આવ્યા; શબરીએ ત્યા સેવા પૂજા કરી, તેથી મોટા વહેમ દુર થયો. (૩) હે રામચંદ્રજી, આ અમૃતસરખાં ફળ કે જે મને સૌથી ઉત્તમ લાગ્યાં તે ચાખી ચાખીને ખુશીથી ખાઈને મુક્યાં છે. (૪) જે મને મીઠા લાગે તે કાપીને કરડી જોયાં છે. મેં આગળથી એમ વિચાર્યું કે એ રામને માટે રાખું. (૫) તે દીવસથી મેં અપવાસ કર્યા છે, મેં એક પણ ખાધું નથી; સારાં સારાં સંઘરી રાખીમેં તમારે માટે રાખ્યાં. (૬) રામચંદ્રજી કહે છે કે તે મને તારા શુદ્ધ પ્રેમને લીધે અમૃત જેવાં મીઠા લાગે છે; તેવાં મેં કોઈ પણ જગ્યાએ ખાધા નથી. (૭) જેવાં તારા મીઠાં બોર મને

ભાવેછે તેવો સ્વાદ કોશલ્યાના પીરસ્યામાં પણ લાગતો નથી. (૮) સીતાજી હેતથી અમૃત સરખું ભોજન પીરસતી; તેનાથી પણ આ વધારે મીઠું લાગેછે; કારણ કે તારૂં હેત અપારછે. (૯) મેં એવું ભોજન હેત થી કોઇપણ જગ્યાએ ખાધું નથી; હું ઘણા દીવસથા અપવાસી છું, તેથી હેત થી હું ભોજન જમું છું. (૧૦) પછીથી નિર્મળ પાણી પીધું, અને રામચંદ્રજી શાંત થયા; પણ સીતાના વિયોગને લીધે આંખોમાંથી આંસુની ધારાઓ વહેછે; મારૂં મન ઘણું ઢીલું છે, તેથી સીતાજીનો વિયોગ હું સહન કરી શકતો નથી.

ટુંક નોધ.

શુદ્ધ પ્રેમ તેજ જીવન છે. પ્રેમ માત્રથીજ આ દુનિયા ટકી રહેલી છે. પહેલાં પ્રાણી માત્ર ઉપર પ્રેમ રાખતાં ધીમે ધીમે ઇશ્વરની સેવામાં પ્રેમ અર્પણ થાય છે. પ્રેમ નિર્મળ અને શુદ્ધ હોવો જોઇએ. તેમજ સ્વાર્થ રહિત પવિત્ર હોવો જોઇએ. જો સ્વાર્થ રહિત શુદ્ધ પ્રેમ હોય તોજ ઇશ્વર જોડે ચિત્ત જોડી શકાય છે અને ઇશ્વરને સાક્ષાત્કાર કરી શકાય છે. એમ કરવાથી છેવટે મુક્તિ મળેછે. ફક્ત શુદ્ધ પ્રેમથીજ રામચંદ્રજી શબરી જેવી ભીલડીને વશ થઇ ગયા હતા.

પાઠ ૧૬ મો. ગર્વ વિષે.

(ગરબી)

ગર્વ–અહંકાર; અભિમાન.	અધવચ–વચ્ચોવચ.
છલકાયો–ફુલાયો.	આટા–કચ્ચર ઘાણ.
ફુલણજી–વખાણથી ખુશી થઇ ખર્ચ કરનાર.	ખુટયાં–ઓછાં થયાં.
	પર્ત–હજાર કરોડ.
ગાડા–હાથી.	સોડ–પાસું.

કંસ—કૃષ્ણનો મામો.	કૂદે—કુદકે.
રાવણ—લંકાપતિ.	શિરે—માથે.
બોધ—ઉપદેશ; શીખામણ.	ભણતર—શિક્ષણ.
દ્રૌપદી—દ્રુપદરાજાની પુત્રી.	પાણીમાં પડ્યું—નકામું ગયું.
લાજ—આબરૂ.	બાળી—બાળા.
દુર્યોધન—ધૃતરાષ્ટ્રનો વડો પુત્ર. એ અને એના ૯૯ ભાઈ કૌરવ કહેવાય છે.	બકે—બબડે.
	પોત—કુમાશ.
	તુચ્છપણે—હલકાઈથી.
ગરવ—અહંકાર.	ખોલે—ઉઘાડું પાડે.
પસ્તાશે—વિમાસશે.	ખરૂંરૂપ—મુળ સ્વભાવ.
પે'લી—પહેલી.	તરણું—તણખલું.
હુંપદ—અહંકાર; હુંપણું.	તોલે—બરાબર.

સમજુતિ.

એનો, અહંકારથી છલકાઇ જશો નહી, ખોટાં વખાણ સાંભળી ફુલાઈ ખોટો ખર્ચ કરી ફુલાશો નહી. અહંકારથી બધા માણસો હાર્યા; તેઓ પોતાનું વતન મુકી અધવચ નાઠા, અહંકારથી ઘણા માણસોના કચ્ચર ઘાણ નીકળી ગયા. (૧) અહંકારથી ઘણાં રાજ્યો નાશ પામ્યાં, જે લોકો ખર્વની સંખ્યાથી પૈસા ગણતા હતા તેમના પૈસા ગર્વથી ખુટી ગયા, અને બધા મોતરૂપી જાળમાં સપડાઈ ગયા. (૨) અભિમાની કંસ પણ કુવો મર્યો ગયો ! રાવણના જેવો પણ મરણને શરણ થયો, આ ઉપરથી ખરી શિખામણ લેવી (૩) જ્યારે ઘાતકી દુર્યોધને દ્રૌપદીને ભારે દુઃખ દીધું, અને જ્યારે તેની આબરૂ લેવા દરબારમાં ઉભો થયો ત્યારે તે પાપી મુઓ. (૪) જે કોઈ મનમા અહંકાર રાખશે તે પેલી પહેલી પુરે પુરી પસ્તાશે, માટે હું પણું મુકી મોટું મન રાખતાં શીખો. (૫) કોઇ કુતરૂં ગાડા નીચે ચાલે અને બધો ભાર પોતાને માથે જુએ, તે જોઇને ફુલાઈને કુદકા મારી ડગલાં ભરે, જાણે કે ગાડાનો બધો ભાર હુંજ

ઉપાડું છુ, તેવી રીતે ખોટો ગર્વ તો કદી કરશોજ નહી. (૬) જે બાળા ભણી ગણીને ગર્વને જીતે નહિ, ખરૂં ખોટું વિચારી શકે નહિ, તો પછી તેનું શિક્ષણ નકામું ગયુ સમજવું. (૭) હું બધી બાળાઓ કરતાં વધારે ડાહી અને દેખાવડી છુ, અને મારા જેવી રૂપાળી બીજી કોઇપણ બાળા નથી, એવું જે બાળા બોલ્યા કરે, તે બાળા ગાર્વિષ્ઠ હોવી જોઇએ. (૮) જે પુરેપુરૂં ભણેલું છે તે પોતાનું પોત બતાવશે નહી, જેમ અધુરો ઘડો હોય અને તે છલકાય, તેમ જે ઓછી ભણેલી છે, તેજ અહંકારથી ફુલાયછે (૯) જે કોઈ બીજા જોડે તોછડાઇથી બોલે, અને પોતાનો મૂળ સ્વભાવ બતાવી આપે, તેની સરખામણી તણખલા જોડે થઈ શકે. (તેની આબરૂ તણખલાની બરાબર રહે અટલે કે તેની આબરૂ બીલકુલ રહે નહી).

ટૂંક નોંધ.

હે બાળાઓ, ગર્વ કરવો તે ખરાબમાં ખરાબ દુર્ગુણ છે. તેનો હંમેશાં ત્યાગ કરવો જ્ઞાનથી તેનો નાશ થઈ શકે છે. કદી રૂપથી કે પૈસાથી ફુલાઇ જશો નહી. નાશવંત ચીજોમાટે અહંકાર કરશો નહી. અહંકારથી જબરાં જબરાં યશસ્વી રાજ્યો પણ નાશ પામ્યાં. ભલાભલા શુરવીરોનું અને કરોડાધિપતિઓનું અહંકારથી નામ નિશાન પણ નથી. લંકાપતિ રાવણ જેવાનો ગર્વથી નાશ થયો તો પછી સાધારણ મનુષ્યનું તો શું ગજું ! અહંકારથી ઘણા શત્રુઓ બને છે અને છેવટે નાશ થાય છે.

પાઠ ૪૬ મો. વરસાદની ઝાડીઓ.

ઝાડીઓ–વરસાદનાં ઉપરા ઉપરી ઝાપટાં.	છાઇ–ઢાંકી.
	રવિ–સુરજ.
વેગવાળી–ઝડપી.	પળતી–દોડતી.
નભમાં–આકાશમાં.	છટાથી–લટકાથી.

આંધી–વંટોળીઓ.
ઘાડી–જબરી
ઘટા–ભરાવો
વીજ–વીજળી
ઇંદ્રગવ–મેઘરાજા.
ટોકા–ટહુકો.
તડુકી–ગર્જના કરી.
મુસળધાર–મોટી ધારમાં પડતો.
પેખો–જુઓ
ડેંડું–ડેંડુ કરતો આવાજ.
મેડક–દેડકો.
જોરભરી–જોસબંધ
નાવજ–વહાણજ
પુરપાટે–ઝપાટાબંધ.
નિકોરી–પાણી જવાનો સાંકડો માર્ગ.
સરો–સરોવરો.
ખેડુ–ખેડુત.
પ્રવાસી–મુસાફર.
કાયર–હેરાન.
મેઘજળ–વરસાદનું પાણી.
ત્રાસે–કંટાળે
તૃણો–ઘાસ
છવાઇ–ઢંકાઇ
સહુ–બધા.

ટૂંક નોંધ.

કાળી, રૂપાળી અને ગતિવાળી ઘણી વાદળીઓ આકાશમાં જતી જોઈ. સુર્યને ઢાંકી દઇને ઘટાથી વંટોળીઓ થયો. (૧) ઘણી વીજળીઓ થાય છે તેથી આંખો મીચવી પડેછે; મેઘરાજા ઘણા જોરથી ગર્જના કરેછે; તેનો જવાબ મોર ટહુકા કરી આપે છે, સિંહો રીસમા ગર્જનાઓ કરેછે અને માથા અફાળે છે. (સિંહોમાથું અફાળે છે; કારણ કે માગ જેવું બીજું કોઈ બળવાન નથી, અને કોણ માગથી મોટી ગર્જના કરેછે). (૨) મુસળધાર પાણી પડેછે તે જુઓ, દેડકાં ડેંડુ કરેછે તે જુઓ; વળી નદીઓ ઝપાટા બંધ વહેછે, વળી ઝપાટા બંધ વહાણો ચાલે છે તે જુઓ. (૩ , નાળાં અને નીકો પાણીથી છના છલ થઇ રહી છે, સરોવરો માંથી પાણી ઉભરાઈ જાય છે; ખેડુતો અને મુસાફરો પાણીથી ભીંજાઈ ગયા છે, અને તેઓ ઝાડો નીચે ઉભા રહ્યા છે. (૪) પેલાં પશુઓ કંટાળીને નાસે છે, વળી પક્ષીઓ પણ વરસાદથી ત્રાસેછે; લોકોપણ ઘરોવાસી દઇને લપાઈ

પેદા છે, અને ટાઢથી મુજનાથી તાપણીએ બેઠા છે (૫) પૃથ્વી લીલા ઘાસથી ઢંકાઇ ગઇ છે, તેથી હે બાઇ, ઇશ્વરની વાડી (દુનિયા) શું સરસ બની રહી છે! દાણા, ફુલ અને ફળો થવાનાં, તેથી લોકોના બધાં દુઃખો નાશ પામવાના. (૬)

ટૂંક નોંધ.

પ્રાણીમાત્ર અનાજ ઉપર જીવે છે. અનાજનો આધાર વરસાદ ઉપર છે. જ્યારે વરસાદ વરસે છે ત્યારે આનંદ આનંદ સર્વ ઠેકાણે થઈ રહે છે. પક્ષીઓ કલ્લોલ કરી મુકે છે. જ્યાં જઇએ ત્યાં લીલું છમ દેખાય છે. તળાવો, સરોવરો અને નદીઓ છલંછલ થઈ રહે છે. ઈશ્વર વરસાદ વરસાવી અનાજ ઉગાડેછે માટે તેની હંમેશાં પ્રાર્થના કરવી જોઇએ

પાઠ ૨૨ મો આળસ.

આળસ–સુસ્તાઇ.
બંધિવાન–કેદી.
શીદ–શામાટે.
વણુવાંકે-વગરગુ-હે.
નુકશાની–હાનિ.
દાઝ-ગુસ્સો; બળાપો.
નવ–નહી
રાય–રાજા.
તજી–છોડીદઇ.
સહીએ–ખમીએ.
કર–હાથ.
કબજે–તાબે.
ડગ–ડગલું.
ચરણુ–પગ.
હેડ–મોટા કોરેલા લાકડામાં ગુન્હેગારનો પગ ઘાલી મુકવામાં આવેછે તે.
ધરી–નાખી.
વારી–અટકાવી.
લણવા–મેળવવા.
જર–પૈસો.
જશ–આબરૂ.
રળવા–કમાવવા.
દરિદ્રતા–ગરીબાઇ.
કાયા–શરીર.

અવગુણકારી—નુકસાનકારક.
નિશ્ચે—નક્કી.
સંઘરીએ—રાખીએ.
જડ—મુળ.
જામે—ફેલાય.
પામે—મેળવે.
વિસ્તાર—ફેલાવો.
સમી—જેવી.

સમજુતિ.

ઓ આળસડી, તું શામાટે કેદી બનાવેછે? શામાટે કોઇપણ ગુન્હાસિવાય કામ ભુલાવીને તું હાની કરાવેછે? જો કોઇપણ ઉદ્યમ કરતાં ખાળે તો તેના ઉપર મનમાં બળાપો થાય, પણ તારા ઉપર તો જોર ચાલતું નથી, ઓ આળસડી, શામાટે તું કેદી બનાવેછે? (૧) જો રાજાની આજ્ઞાથી કામધંધો છોડી દઇ બેશી રહીએ, અને નુકશાની વેઠીએ, તો તે રાજાને જુલમી કહીએ (ટેક.) (૨) તેં જેના હાથ આળસ રૂપી બંધનથી બાંધી લીધા, તેણે પોતાનો કામધંધો તરતજ મુકી દીધો. (ટેક) (૩) જે તારે તાબે થાય તે એકે ડગલું આગળ ભરી શકે નહી, જાણે કે પગમાં હેડ ઘાલી હોયને તું ખરેખર જુલમી અને જોરાવર છે (ટેક). (૪) તું વાંચતાં વાંચતાં અટકાવી રાખેછે, જાણે કે આંખોએ પાટા બાંધ્યા હોયને! તે તરતજ પુસ્તક છોડાવી દેવરાવેછે. (ટેક) (૫) તું ભણતર ભણવા દેતી નથી. તું પ્રભુનું ભજન કરવા દેતી નથી, તું વધારે ફાયદા મેળવવા દેતી નથી. (ટેક) (૬) તું આબરૂ કે પૈસો કમાવવા દેતી નથી, તું મીત્રોને મળવા દેતી નથી; તેમજ તું શિખામણ સાંભળવા દેતી નથી (ટેક) (૭) તું ગરીબાઈ આપનારી છે, તું શરીરને નુકશાન કારક છે, તું નક્કી બહુજ ખરાબ છે. (ટેક) (૮) અમે મનમા તારાથી બહુ બીનીએ છીએ, તને સ્વપ્નામાં પણ રાખીશું નહી. શત્રુ ગણી તને હંમેશાં દુર રાખીશું. (ટેક) (૯) તારાં મુળ ધીમેધીમે ફેલાય છે, પછી પુરેપુરો ફેલાવો પામે છે, તને દલપતરામ કવિએ રોગ જેવી જોઈ. (જેમ રોગથી માણસનું મરણ નીપજે છે તેમ તું કવિને ભયંકર જણાય).

પાઠ ૨૫ મો. બાળાઓને બોધ.

(ઝુલણા છંદ.)

પ્રભાતમાં-સવારના પહોરમાં.	ઉલટથી-હોંશથી.
પરમેશનું-પરમેશ્વરનું.	ઉચરીએ-બોલીએ.
લીજે-લઈએ.	ઠાઠ-ભપકો.
પુર-પુરેપુરો.	ઘોંઘાટ-આવાજ.
ઉત્સાહ-હોંસ; ઉમંગ.	બાળપણ-નાનપણ.
કાજ-કામ.	સમય-વખત.
સ્નાન-નહાવું તે.	કોટી-કરોડ
ભોગ-શિકાર.	આગે-અગાડી.
ઇશ-પરમેશ્વર.	સુજન-સારા માણસ.
આરાધીએ-પુંજીએ.	રંગ-પાસ.
જંજાળ-ખટપટ.	કસવુ-કેળવવું.
પદ-પગ.	ખંત-કાળજી.
પ્રણમીએ-નમીએ.	લોક-દુનિયા.
રેમ-મીઠી નજર.	પરલોક-સ્વર્ગ.
ભાંડુ-ભાઇબેન વિગેરે.	સકળ-બધી.
ભાવ-પ્રેમ.	કા'ન-કહાન કવિ.
આણી-લાવી.	

સમજુતી.

સૌ બેનો હંમેશાં સવારના પહોરમાં વહેલાં ઊઠી મોટા પરમેશ્વરનું નામ લઈએ, પછી પુરેપુરી હોંસ અને આનંદ હૃદયમાં લાવીને સઘળા કાર્યો બરાબર કરીએ. સૌ બેનો સવારના પહોરમાં હંમેશાં વહેલાં ઉઠીએ. (૧) નહાવાથી શરીર સુધરેછે. અને રોગના ભોગ થતા અટકીએ છીએ, મનને સુધારીએ, પરમેશ્વરને ભજીએ, અને જગતની ખટપટમાં ફસીએ નહી. (ટેક) (૨) માબાપને પ્રેમથી પગે લાગીએ, ભાઈ બેનમાં

મીઠી નજરથી હેત લાવીએ, હોંસથી ઘરનું સઘળું કામ કરીએ અને મુખથી મીઠી વાણી બોલીએ. (ટેક) (૩) જ્યાં આઠ વાગે કે ઠાક મુકી દઈ આવાજ કર્યા વગર પાઠ કરવો; બાલ્યાવસ્થા શીખવાનો ઉત્તમ વખત છે, આગળ કરોડો ઉપાય કરો પણ એ વખત મળશે નહી. (ટેક) (૪) સારા માણસની સોબતનો પાસ હંમેશાં લેવો, દુરાચારીને જોઇને હંમેશાં આઘા ખસવું; સુખ અને દુઃખમા જીવ આનંદમાં રાખવો, એમ શરીર અને મનને ઘણું કસવું (ટેક) (૫) કાળજી રાખીને સઘળા સારા સદ્ગુણો શીખવા, અને હંમેશાં સારી વાતો પણ સાંભળો તોજ આ લોક અને પરલોક સુધરે. (મૃત્યુલોક અને સ્વર્ગલોક બંને સધાય) કહાન કવિ કહેછે કે ઉપલી શીખામણ પ્રમાણે જે નારીઓ ચાલે તેની નિંદા થશે નહિ. (ટેક) (૬).

ટૂંક નોંધ.

પ્રભાતમાં દરેક બાળાએ ઉઠવું જોઇએ. ત્યારપછી નાહી ધોઈ ઇશ્વરનું નામ લેવું જોઇએ. ત્યારબાદ ઘર તેમજ ઘરની બધી ચીજો સાફસુફ કરવી જોઈએ. રાંધવાનું કાર્ય તેમજ બીજા બધા ઘરનાં કામકાજ કરતાં શીખવું. બાલ્યાવસ્થા શીખવાનો સૌથી ઉત્તમ વખતછે માટે તેનો લાભ બરાબર લેવો. પોતાનો પાઠ બરાબર કરી ખાઇ લઇ નીશાળે જવુ. ત્યાં સૌ બાળાઓ જોડે હળીમળીને ચાલવું. બધા સદ્ગુણો મેળવવા યત્ન કરવો. દુર્ગુણોને તજવા. સાંજે ઘેર આવી માતાને ઘરના કામકાજમાં મદદ કરવી. ત્યારપછી નવીનવી શીખામણોની વાતો સાંભળવી. ત્યારબાદ ઇશ્વરનું નામ લેઈ માતાપિતાને પગે લાગી સુઇ જવું. સુખદુઃખ સરખાં ગણી શરીર તેમજ મનને ખુબ કસવું. સારા કાર્યોમાં વખત ગાળવો તેજ સુખ અને આનંદ છે.

પાઠ ૨૮ મો. નદીનો પનઘટ.

(વસંતતિલકાવૃત્ત).

પનઘટ–ઓવારો; આરો.
વિમળ- નિર્મળ.
વારિ–પાણી.
છિપે–મટે.
બેડું–ગાગર અને ઘડો.
શિરપર–માથાઉપર.
ઉર–મન.
સુઘડ–ચોકખી.
નાવડી–નાની હોડીઓ.
નૌકા–વહાણ.
જહાજ–મોટું વહાણ.
વિદેશ–પરદેશ.
વણજ–વેપાર.
નફો–ફાયદો.
લાવો–લહાણ.
વિશેષ–વધારે.
કીઓ–કોઇ.
બગ–બગલો.
પુરણ- પુરેપુરું.
મછ–માછલું.
વામે–દુર થાય.
તરૂ–ઝાડ
નભવિષે–આકાશમાં.
તહાં–તે ઠેકાણે.
છાંય–છાંયડો.
રવ–આવાજ.
ધસારે–જોસબંધ.
ગમન–જવું તે.

સમજુતી.

આ દહાડે આરાઉપર ઉભા રહીને નિર્મળ, વાંકડી નદીને જતી જુઓ; તે બહુ શોભેછે; ઘણું ચળકતું કાચના જેવું પાણી વહેછે, પીવે તો મોંઢે તરસ્યમટે તેવું મીઠું પાણી છે. (૧) પુરૂષો અને સ્ત્રીઓ આનંદથી ત્યા જઈ નહાય છે, તેઓ કેવાં તરેછે! અને રમીને કેવાં ખુશી થાય છે। કોઈ લુગડાં ધુવેછે તો કોઈ ઝડપથી પાણી ભરીને મનમાં ઉમંગ લાવીને માથાંઉપર બેડાં મુકેછે. (૨) મોજીલા માણસો સ્વચ્છ હોડીઓ ચલાવેછે, જુઓ, વહાણો માલ ઝડપથી લઇને આવેછે, વહાણમાં બેસીને ઘણાં માણસો પરદેશ જાય છે, વેપારમાંથી ઘણો નફો અને લાવો મળેછે. (૩) સારી ચળકતી ઘણી માછલીઓ કુદંકુદા

કરેછે, પણ કયો માછીલ તેને પકડશે તે જાણે નહી, વળી બગલાઓ ભારે ધ્યાન ધરીને બેઠા છે, તેઓ મચ્છને ઝડપથી લેવા તૈયારી કરેછે. (૪) પશુ પક્ષીને પાણીથી પુરેપુરૂં સુખ મળેછે. કારણ કે ખાવાને સરસ ચારા મળેછે અને તેથી ભુખનું દુઃખ નાશ પામે છે. આકાશમાં ચંદ્રમા ખીલીને પાણીમા પડીને ત્યાં વારંવાર તરતો હાલે તે જુઓ. (૫) કીનારે ઘણાં ઝાડ ઉગ્યા છે, તેઓ બહુ સારો છાંયડો કરેછે; પંખીઓ કુદેછે, અવાજ કરેછે અને વળી ઉડી જાય છે; તે વાંકી ચુકી ચપળ ધસારા બંધ ચાલતી સમુદ્ર તરફ જવાને માટે ધ્યાન રાખેછે.

ટૂંક નોંધ.

જ્યારે ચોમાસામાં નદી છલંછલ હોય છે ત્યારે નદી કીનારે, જોવાનો ઘણો સુંદર હોય છે. પુરૂષો તથા સ્ત્રીઓ નહાય છે। તરે છે અને મજા કરેછે. હોડીઓ, વહાણો અને નાવો ચાલે છે. માછલાં કુદંકુદા કરેછે. બગલા માછલાં પકડવા ધ્યાન ધરતા દેખાય છે. બીજાં પક્ષીઓ કલ્લોલ કરતાં ઉડતાં દેખાય છે. ચોગરદમ લીલું છમ દેખાય છે. ઝાડો ચોગરદમ કીનારે લીલાં છમ દેખાય છે અને બીજા જોવાલાયક ઘણા દેખાવો દેખાય છે.

પાઠ ૩૧ મો. રાજગીત.

રાજગીત–રાજા સંબંધી ગાયન.	કીર્તી–આબરૂ.
રક્ષ–રક્ષણ.	યશ–જશ.
દેવ–ઇશ્વર.	જંબાવ–વધાર.
પ્રૌઢ–મોટા.	જગદીશ–જગતનો ધણી; પરમેશ્વર.
જયવંત–ફતેહવંત.	
ભૂરા–ઘણા.	વેરી–શત્રુ.

વિખેરવા–જુદા પાડવા.
રૂઠ–ગુસ્સેથી.
કાળ–મોત.
દ્વેષ–અદેખાઇ.
કલેશ–કંકાસ.
જ્ઞાન–સમજણ.
હુન્નર–કળા.
અમઘેર–અમારે ઘેર.
જંપ–શાંતિ.
સંપ–એકમત.
સવો–થાઓ.
કલ્યાણ–રૂડું.
ગંજ–ઢગલો.
શ્રેષ્ઠ–ઉત્તમ.
જાયુ–કાયમ
ક્ષેમ–આરોગ્ય
રંક–ગરીબ.
અદભિમાને–સારૂં અભિમાન મનમાં લાવીને.
પુજ્ય–પવિત્ર.
પ્રત્યે–તરફ.
ધર–રાખ.
શકિતમાન–જોરાવર.
રાજેશ્વર–રાજાનો પણ ધણી; પરમેશ્વર.
નાથ–ધણી; પરમેશ્વર.
મહાજ્ઞાની–મોટા જ્ઞાનવાળો.
પ્રાર્થના–સ્તુતિ.
શુભકાર–કલ્યાણ કરનારી.
પાર–સુધી.
રાજભક્ત–વફાદાર.
એકદીલ–સંપ
સ્વીકાર–કબુલ કર.

સમસ્તુતિ

હે પરમેશ્વર, તું મોટા રાજાનું (પાંચમા જ્યૉર્જનું) રક્ષણ કર, એ મોટા રાજા ઘણા વરસ જીવજો, હે પરમેશ્વર, તું મોટા રાજાનું રક્ષણ કર. એમને ઘણા જયવંત બનાવ, સુખ કીર્તિ અને આબરૂ આપ; અને ઘણાં વરસ એમનું રાજ અમારા ઉપર રાખ. તું અમારા મોટા રાજાનું રક્ષણ કર. (૧) હે પરમેશ્વર! હે જગતના ધણી પરમેશ્વર! તું ઉઠ, તું એમના શત્રુઓ વિખેરી નાખવા ગુસ્સેથી; તેમના શત્રુનો નાશ કર. બધી અદેખાઇ અને કજીઓ મટાડીદે, અને જ્ઞાન, કળા કૌશલ્યાનો વધારો થાય એમ કર; અમારે ઘેર હમેશાં સંપ, શાંતિ અને કલ્યાણ થાય એવું કર. (૨) મોટા જ્યૉર્જ રાજા

ઉપર નિરંતર જોર, આબરૂ અને આરોગ્યતાનું ઢગલા બંધ ઉત્તમ દાન કર. સારી ઉંચી લાગણીથી ગરીબ અને તવંગર એમનું રાજ્ય પવિત્ર છે એમ જાણે; અને જ્યા ત્યાંના લોક એમના નામ ઉપર હેત લાવે એમ કર. (૩) હે શક્તિમાન રાજા-ઓના પણ રાજા, પણ રાજા, મોટા જ્ઞાનવાળા પ્રભુ, તું એમને તારા આશરામાં રાખ. પુર્વ કીનારાથી પશ્ચિમ કીનારા સુધી દુની-આમાં ઐય કરનારી ઘણી પ્રાર્થનાઓ થાય એમ કર, અને વફાદારનાં સંપ કબુલ કર, હે પરમેશ્વર ! તું મોટા રાજાનું રક્ષણ કર.

ટૂંક નોંધ.

મહાન પાંચમા જ્યૉર્જ ઇંગ્લૅન્ડ, સ્કૉટલૅન્ડ અને આયરલૅન્ડના રાજા અને હિંદુસ્તાનના શહેનશાહ છે. તે આપણને ચાહે છે, અને આપણું કલ્યાણ ઇચ્છેછે. ઘણી બાતાઓ લોકોને વાત કરતાં સાંભળ્યુ હશે કે " ઇંગ્રેજી રાજ્ય તો રામ રાજ્ય છે. " મતલબ કે રાય તેમજ રંકને એક સરખો ન્યાય મળેછે. રાજાને તેમજ પ્રજાને કાયદાને માન આપવુ પડેછે. ઇંગ્રેજી રાજ્યે આપણાઉપર ઘણા ઉપકાર કર્યા છે. તેનો બદલો વાળવા સર્વ પ્રજાએ સવાર અને સાંજ આપણા રાજા લાંબુ આયુષ્ય ભોગવે, અને સુખી રહે. " તે માટે પ્રાર્થના કરવી જોઇએ.

પાઠ ૪૩ મો. ચોપાઇ.

શીતળ–ઠંડો.	ઘટે–ટૂંકી થાય.
પાન–પાંદડાં.	ભલીભાત–સારી રીતે.
ખરે–ભોંયઉપર પડે.	પામે–મળવે.
કોમળ–દ્વિદળ ધાન્ય,	કેસુડા–કેસુડાનાં ઝાડનાં પાન.
ધારે–ચોળે; પહેરે.	ગુણવાન–ફાયદાકારક.
તંબોળ–પાન.	હોજ–પાણીની ટાંકીઓ.
ફુટે–ચીરા પડે.	

ફુવારા—જે માંથી પાણી ઉંચે ઉડે છે તે.

પ્યારા—વહાલા.

ચંદન-સુખડ, કેસર વિગેરેને પાણીમાં ઘસીને લોચા જેવુ બનાવેછે તે.

લાગ—લાગે.

કોયલ—મધુર રાગનું કાળા રંગનું પક્ષી

વણુતોલ—ઘણાજ

ખાસું—મજાનુ.

ડુબાડુબ-ડુબી ગયેલી હોયએવી.

ઉચારે—બોલે.

મલ્લાર—એક રાગનું નામ છે.

ખેતીકાર—ખેડુત.

ચંપેલી, જુઈ, જાય } એક જાતના સફેદ ફુલ છે.

ફુલાય—ખીલે.

ચાખડીઓ—પાવડીઓ.

હિંચોળા—હીંચકા

ખાટ—ખાટલા.

સમજુતી.

ટાઢની મોસમમાં ઠંડો પવન વાય, પાંદડાં ખરી પડે, શેરડી, કપાસ અને કઠોળ પાકે, લોકો ટાઢથી શરીર ફાટે નહી તે માટે તેલ ચોળે અને પાન ખાય (૧) ટાઢવાય નહી તે માટે લોકો શરીરે ડગલા પહેરે અને શાલ ઓઢે; ગરીબ લોકોના ટાઢથી હાથ પગ ફાટી જાય; દીવસ ટૂંકો થાય અને રાત ઘણી બાંબી થાય, અને શરીરમાં સારી રીતે જોર આવેછે. (૨) ઉનાળામાં કુવા, વાવોમાં પાણી સુકાઇને ઉંડાં જતાં રહેછે, નદી અને સરોવરોમાં પાણી સુકાય છે, સઘળા ઝાડપાલાને નવાં પાંદડાં આવેછે, સારાં ફાયદાકારક કેસુડાનાં ફુન થાય છે (૩) ગરમીના દહાડામાં કુંડ, ફુવાગ અને બાગ સાગ લાગેછે, અને ચંદન તેમજ પંખા વહાલા લાગેછે, કોયલ મધુર ગીત ગાય છે અને તાપ ઘણોજ પડેછે. (૪) વરસાદની ઋતુ ઘણા મજાની લાગેછે, દુનીઆ પાણીમા ડુબેલી હોય તેમ લાગેછે, લોકો મલ્લાર રાગ ગાય છે, અને ખેડુતો અંતરમાં વાવણી કરેછે. (૫) ચંપા,

ચંપેલી, જુઈ, જાય અને ગુલાબનાં ફુલ સારાં ખીલેછે. ચોમાસામાં સુખને માટે છત્રીઓ, પાવડીઓ, ડીંચકા અને બારલા હોય છે.

ટૂંક નોંધ

શિઆળામાં ઠંડી પડેછે, ઘઉં, શેરડી અને કપાસ થાય છે, દીવસ ટૂંકા અને રાત લાંબી થાય છે લોકો ઊદ્યોગી માલુમ પડેછે. ઉનાળામાં ગરમી પડેછે, લોકો ગરમી શાંત કરવા બાગ બગીચાને અને ફુવારાનો આશરો લેછે, દીવસ લાંબો થાય છે અને રાત ટૂંકી થાય છે. લોકો આળસુ માલુમ પડેછે. ઝાડોને નવાં પાદડાં આવેછે. ચોમાસામાં વરસાદ પડેછે, જયાં ત્યાં આનંદ વ્યાપી રહેછે, લોકો મધુર રાગ ગાય છે, જ્યાં ત્યાં પાણી અને લીલો તરી માલુમ પડેછે. ઇશ્વરે માણસના સુખને જુદી જુદી ઋતુઓ અને મોસમો બનાવી છે. એવા મહાન ઇશ્વરની આપણે હમેશાં સવાર સાંજ પ્રાર્થના કરવી જોઇએ

સંમાસ.

